**સુવિચાર**

''આપણે એકલા જ આગળ વધી જઈશું તો ઉજાણી પણ આપણે એકલાએ જ કરવી પડશે.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૦૬/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૨ જેઠ સુદ-૧૨ વર્ષ : ૧૭ અંક : ૧૬૫

## પાલિકા અને પોલીસ વિભાગે ૩ દિવસમાં ફૂટપાથ કે માર્ગ પરનું દબાણ દૂર કરવા તાકીદ કરી

# અમરેલીમાં ફૂટપાથ પરથી પાથરણાઓ, કેબિનોને દૂર કરાશે

- લાઠી માર્ગ ઉપર આવેલ વીર હમીરસિંહજી સર્કલથી લઈને કુંકાવાવ માર્ગ પરનાં દબાણો દૂર કરાશે
- શહેરનાં તમામ જાહેર માર્ગો પરથી ક્રમશઃ કેબિનો, રેંકડિઓ સહિતનાં દબાણ દૂર કરવાનો નિર્ણય
- શહેરીજનો માટે બનાવાયેલી ફૂટપાથ પરનાં દબાણ દૂર થવાથી ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ થશે
- આગામી સોમવારથી પાલિકા અને પોલીસ ટીમ સંયુકતપણે દબાણ હટાવવાની કામગીરી શરૂ કરશે






અમરેલી, તા. ૨૫
અમરેલી શહેરમાં વિકરાળ બનેલ ટ્રાફિક સમસ્યાનાં નિરાકરણ માટે પાલિકાએ કમર કસી છે અને થોડા દિવસો પહેલા પોલીસ વિભાગની ટીમ સાથે ટેલિફોન કચેરી આસપાસથી રેંકડિ, કેબિનો હટાવ્યા બાદ દબાણ દૂર કરવાની વધુ કામગીરી હાથ ધરી છે.

આજે પાલિકાનાં પદાધિકારીઓ, અધિકારીઓ, પોલીસ વિભાગનાં અધિકારીઓએ લાઠી માર્ગ પર આવેલ વીર હમીરસિંહજી સર્કલથી લઈને વાયા સરદાર સર્કલ થઈને કુંકાવાવ માર્ગ સુધી માર્ગ પર ઉભા રહેતા રેંકડિધારકો, કેબિન ધારકો કે પાથરણાધારકોને ૩ દિવસમાં સ્વૈચ્છાએ ત્યાંથી હટી જવા તાકીદ કરી છે.

જો ૩ દિવસમાં સ્વૈચ્છાએ દબાણ દૂર ન થાય તો સોમવારથી પાલિકા અને પોલીસની સંયુકત ટીમ ધ્વારા દબાણ હટાવવાની કામગીરી શરૂ કરશે.

આ અંગે પાલિકા પ્રમુખનાં પ્રતિનિધિ સંદિપ માંગરોળીયાએ ''અમરેલી એકસપ્રેસ'' સાથેની વાતચીતમાં આગામી દિવસોમાં સમગ્ર શહેરમાં દબાણ હટાવવાની કામગીરી કરાશે તેમ જણાવેલ છે.

### ચાલકે ઢળતી સંધ્યાએ સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા

# ચાવંડ નજીક મુસાફરો ભરેલ છકડો રિક્ષા પલ્ટી જતાં ૭ થી ૮ વ્યકિતઓને ઈજા પહોંચી

### ઈજાગ્રસ્તોને ૧૦૮ની મદદથી બાબરા ખાતે સારવારમાં ખસેડાયા




અમરેલી, તા. ૨૫
લાઠીનાં ચાવંડ નજીક ઢળતી સંધ્યાએ માર્ગ અકસ્માતમાં ૭ થી ૮ મુસાફરોને ઈજા થતાં તમામને સારવારમાં ખસેડવામાં આવેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, ચાવંડ નજીકથી મુસાફરો ભરેલ છકડો રિક્ષા પસાર થતી હોય ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં રિક્ષા પલ્ટી જતાં ૭ થી ૮ મુસાફરોને નાની મોટી ઈજા પહોંચી હતી. નજીકમાંથી પસાર થતાં વાહનચાલકો ઈજાગ્રસ્તની મદદે દોડયા હતા અને ૧૦૮ની ટીમે ઈજાગ્રસ્તોને બાબરાનાં સરકારી દવાખાને ખસેડયા હતા.

### ટાવરનાં નવિનીકરણ અને કામગીરી શરૂ હોવાથી

# અમરેલીનાં ટાવર નીચે આવેલ દુકાનોને ૫ દિવસમાં ખાલી કરવા પાલિકાનો આદેશ

### ટાવર ઉપરનાં તમામ કેબલ અને ફલડ લાઈટને પણ દુર કરાશે

અમરેલી, તા. ૨૫
અમરેલી શહેરની મધ્યમાં આવેલા ઐતિહાસિક હેરિટેજ કલોક ટાવરના નવીનીકરણ અને મરામતની કામગીરી પ્રવાસન નિગમ દ્વારા હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરીને ખૂબ જ ઝડપથી અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવાના હેતુથી,

અનુસંધાન પાના ૬ ઉપર

# બગસરા નગરપાલિકાની સમિતિઓની રચના રદ થવાની શકયતા

બગસરા, તા. ૨૫
બગસરા નગરપાલિકાની પ્રથમ સામાન્ય સભામાં વિવિધ સમિતિઓની રચના દરમિયાન તમામ સરકારી અને પક્ષના નિયમોનો સરેઆમ ઉલાળીયો કરવામાં આવ્યો હોવાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. સામાન્ય સભામાં સમિતિઓની વરણી વખતે સત્તાધીશો દ્વારા નિયમોને નેવે મૂકીને મનસ્વી રીતે નિર્ણયો લેવાયા હોવાના આક્ષેપો ઊઠયા છે. આ સમગ્ર પ્રક્રિયાને પગલે પાલિકાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે અને સભ્યોમાં પણ અંદરોઅંદર નારાજગીનો સૂર વહેતો થયો છે. આ વિવાદનું મુખ્ય કારણ એ છે કે સમિતિઓની વરણીમાં પક્ષના અને વહીવટી માપદંડોને બાજુ પર મૂકીને એક જ વ્યકિતને બે–બે મહત્વના હોદાઓ લહાણીની જેમ આપી દેવામાં આવ્યા છે. નિયમબદ્ધ અને પારદર્શક વહીવટના દાવાઓ વચ્ચે થયેલી આ પ્રકારની વરણીથી સત્તાધારી પક્ષની આંતરિક શિસ્ત સામે પણ સવાલો ઊભા થયા છે. આ ગેરરીતિ અને

અનુસંધાન પાના ૬ ઉપર

આધુનિક મશીનરી ધરાવતી એકમાત્ર અમરેલી જિલ્લાની દાંતની હોસ્પિટલ
અર્થ દાંતની હોસ્પિટલ
ડો. ભગીરથ બી. વાળા (B.D.S. ડેન્ટલ સર્જન)
જડબામાં સ્ક્રુ વડે ફિકસ દાંત, ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર
- સડી ગયેલા દાંતને બચાવવાની સારવાર
- દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
- દાંત પર લગાવાતા કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
- દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા
- નાના બાળકોના તમામ દાંત અને પેઢાની સારવાર
- ઓછા ખુલતા મોઢાની સારવાર

સરનામું : પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળની સામે, અમરેલી મો. ૮૪૯૦૦ ૩૮૩૦૩

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,28,700/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૫/૦૬/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. અનિલ સાંજવા — પીડીયાટ્રીક સર્જન, નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન
તા. ૨૬/૦૬/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬
ડો. કલ્પેશ બજાણીયા — ઓર્થો એન્ડ સ્પાઈન સર્જન, મણકા તથા કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત
તા. ૨૭/૦૬/૨૦૨૬, શનિવારે, સવારે ૧૦ થી ૧૨
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલ્ટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોકાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ)
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ)

દુઃખદ અવસાન / બેસણું



સ્વ.વિઠ્ઠલભાઈ મોહનભાઈ ધાનાણી (ઉ.વ.૯૫)
સ્વ.તા.૨૫-૦૬-૨૦૨૬, જેઠ સુદ ૧૧ ને ગુરૂવાર

દિલીગીરી સાથ જણાવવાનું કે, અમારા પિતાશ્રીનું તા.૨૫, જેઠ સુદ-૧૧ ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે, પ્રભુને ગમ્યુ તે ખરૂ, પરમ કૃપાળુ પરમાત્મા સદ્દગત આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

સદ્દગતનું બેસણું

તારીખ : ૨૬-૦૬-૨૦૨૬ ને શુક્રવાર,
સમય : રાત્રે ૮ થી ૧૦ સુધી
સ્થળ : અમારા નિવાસ સ્થાને
મુ. જાત્રોડા,તા.લીલીયા, જિ.અમરેલી

તારીખ : ૨૭-૦૬-૨૦૨૬ ને શનિવાર,
સમય : રાત્રે ૮ થી સાંજના ૬ સુધી
સ્થળ : અમારા નિવાસ સ્થાને
સુખનાથપરા, ડો.પિયુષ ગોસાઈ સાહેબની હોસ્પિટલ પાછળ અમરેલી

ભુપતભાઈ વિઠ્ઠલભાઈ ધાનાણી
હિંમાશુભાઈ મનુભાઈ ધાનાણી
બિમલભાઈ મનુભાઈ ધાનાણી
મનિષભાઈ ધીરૂભાઈ ધાનાણી
ડો.કેતનભાઈ ધીરૂભાઈ ધાનાણી
તથા ધાનાણી પરિવારના જયશ્રી કૃષ્ણ

## સોશ્યલ મીડિયામાં યુવાનો, વેપારીઓ અને જાગૃત નાગરિકે અભિયાન શરૂ કર્યુ

# બાબરાને બ્રોડગેજ રેલ્વે, ફોરલેન માર્ગ, હોસ્પિટલ સહિતની સુવિધા આપો

### રાજકોટ, ભાવનગર, અમરેલી અને જુનાગઢની મધ્યમાં આવેલ બાબરામાં અનેક સુવિધા જરૂરી બની

બાબરા, તા. ૨૫

બાબરા શહેરને રેલ્વે સુવિધા સાથે જોડવાની વર્ષો જૂની માંગ હવે સોશ્યલ મીડિયામાં જનઆંદોલનનું સ્વરૂપ ધારણ કરી રહી છે. શહેરના યુવાનો, વેપારીઓ અને જાગૃત નાગરિકો દ્વારા વિવિધ સોશ્યલ મીડિયા ગ્રુપ બનાવી રેલ્વે સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. લોકોનું માનવું છે કે રેલ્વે માત્ર પરિવહનની સુવિધા નહીં પરંતુ બાબરાના ભવિષ્યના વિકાસ માટેનું એક મહત્વપૂર્ણ પગથિયું સાબિત થઈ શકે છે.

રાજકોટ, ભાવનગર, અમરેલી અને જૂનાગઢ જેવા મહત્વના વિસ્તારો વચ્ચે સ્થિત બાબરા આજે પણ રેલ્વે કનેકિટવિટીથી વંચિત છે. વેપાર, શિક્ષણ, રોજગાર અને આરોગ્ય સેવાઓ માટે હજારો લોકોને રોજ અવરજવર કરવી પડે છે, ત્યારે રેલ્વે સુવિધાનો અભાવ સતત અનુભવાઈ રહ્યો છે. સ્થાનિકોમાં એવી લાગણી છે કે રેલ્વે આવે તો શહેરના વેપાર–ઉદ્યોગ, જમીન વિકાસ અને રોજગારીની તકોમાં નોંધપાત્ર વધારો થઈ શકે.

બાબરાની જનતાનું કહેવું છે કે, રેલ્વેની માંગ જેટલી મહત્વની છે એટલી જ મહત્વની અન્ય પાયાની સુવિધાઓ પણ છે.

### એસ.ટી. ડેપો અને સિવિલ હોસ્પિટલ માટે જમીન ફાળવાઈ હોય કામગીરી શરૂ કરવી જોઈએ

શહેર માટે મંજૂર થયેલો એસ.ટી. ડેપો હજુ સુધી કાગળો પરથી જમીન પર ઉતર્યો નથી. જમીન ફાળવણી થયા બાદ પણ ડેપોનું નિર્માણ શરૂ ન થતાં લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

નવી સિવિલ હોસ્પિટલ માટે જમીન સંપાદન થઈ ચૂકયું હોવા છતાં હોસ્પિટલનું નિર્માણ કાર્ય હજુ સુધી શરૂ થયું નથી. પરિણામે તાલુકાની મોટી વસ્તીને આરોગ્ય સેવાઓ માટે અમરેલી, રાજકોટ અને ભાવનગર તરફ દોડધામ કરવી પડે છે.

બાબરાથી અમદાવાદ, વડોદરા, સુરત, આણંદ અને મહેસાણા જેવા મોટા શહેરો માટે સીધી બસ સેવા ન હોવાના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. વેપારીઓને ખરીદી માટે તેમજ વિદ્યાર્થીઓ અને નોકરીયાત લોકોને અવરજવરમાં મુશ્કેલી સર્જાય છે.

અમદાવાદથી બાબરા માટે રાત્રિ બસ સેવા ઉપલબ્ધ ન હોવાને કારણે લોકો ખાસ કરીને મહિલાઓ, વૃદ્ધો અને વેપારીઓને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સૌરાષ્ટ્રના મહત્વના શહેર જૂનાગઢ માટે પણ મર્યાદિત બસ સેવા હોવાથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

### માળખાકિય સુવિધાઓમાં વધારો થાય તો વેપાર–ધંધાનો વિકાસ થઈ શકે તેમ છે

રાજકોટ–ભાવનગર અને બાબરા–અમરેલી માર્ગને ફોરલેન બનાવવાની માંગ પણ લાંબા સમયથી ચાલી રહી છે. શહેરના મધ્યમાંથી પસાર થતા ભારે વાહનોને કારણે ટ્રાફિક, અકસ્માત અને પ્રદૂષણની સમસ્યા સતત વધી રહી છે. આ સ્થિતિમાં બાબરા બાયપાસ માર્ગનું નિર્માણ હવે અત્યંત જરૂરી બની ગયું હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

રાજકોટ રોડ, ભાવનગર રોડ, અમરેલી રોડ અને વાસાવડ રોડ પર છેલ્લા કેટલાક વર્ષોમાં મોટી સંખ્યામાં રહેણાંક સોસાયટીઓ વિકસેલી છે. આ વિસ્તારોમાં રહેતા લોકોને બસ સુવિધા સરળતાથી મળી રહે તે માટે નવા એસ.ટી. સ્ટોપ શરૂ કરવાની માંગ પણ ઉઠી રહી છે.

બાબરા શહેરમાંથી પસાર થતી કાળુભાર નદીની સફાઈ અને ઊંડાણ વધારવાની માંગ પણ લાંબા સમયથી કરવામાં આવી રહી છે. ચોમાસા દરમિયાન સંભવિત પૂર અને ગંદકીની સમસ્યા ટાળવા માટે નદીનું વૈજ્ઞાનિક રીતે ડીપનિંગ અને સફાઈ કરવી જરૂરી હોવાનું લોકો જણાવી રહ્યા છે.

બીજી તરફ શહેરમાં રાત્રિ રોકાણ માટે રેન બસેરાની સુવિધા ન હોવાના કારણે બહારગામથી આવતા યાત્રિકો અને દર્દીઓના પરિવારજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

### ધારાસભ્ય, સાંસદ સહિતનાં જનપ્રતિનિધિઓએ સક્રીયતા વધારવી જોઈએ

સ્થાનિક લોકોનું માનવું છે કે ધારાસભ્ય અને સાંસદ દ્વારા બાબરાને રેલ્વે કનેકિટવિટી અપાવવા માટે થઈ રહેલા પ્રયાસો આવકારદાયક છે, પરંતુ તેની સાથે શહેરના અન્ય પાયાના પ્રશ્નોના ઉકેલ માટે પણ વધુ અસરકારક અને પરિણામલક્ષી કામગીરી જરૂરી બની છે.

બાબરાની જનતાનો સ્પષ્ટ મત છે કે રેલ્વે સુવિધા શહેરના વિકાસ માટે અત્યંત જરૂરી છે, પરંતુ સાથે એસ.ટી. ડેપો, નવી સિવિલ હોસ્પિટલ, ફોરલેન માર્ગ, બાયપાસ રોડ, સીધી બસ સેવાઓ, કાળુભાર નદીની સફાઈ અને રેન બસેરા જેવી મૂળભૂત સુવિધાઓનો પણ ઝડપી ઉકેલ આવે તો જ બાબરા ખરેખર એક આધુનિક અને સુવિધાસભર શહેર તરીકે આગળ વધી શકશે.

હાલ સોશ્યલ મીડિયામાં ઉઠેલો રેલ્વેનો અવાજ માત્ર એક માંગ નહીં, પરંતુ બાબરાના સર્વાંગી વિકાસ માટેની જનભાવનાનું પ્રતિબિંબ બની રહ્યો છે.

---

### પા.પુ. વિભાગનાં જોઈન્ટ સેક્રેટરીની ઉપસ્થિતિમાં

## બાબરા : ખાખરીયા ગામે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી

### નવપ્રવેશિત વિદ્યાર્થીઓનું તિલક, મીઠાઈ અને શૈક્ષણિક કીટ આપી સ્વાગત કરાયુ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૫

બાબરા તાલુકાના ખાખરીયા ગામની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ અંતર્ગત કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ આનંદ, ઉત્સાહ અને શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાના માહોલમાં યોજાયો હતો. નવપ્રવેશિત બાળકોનું તિલક કરી, મીઠાઈ ખવડાવી અને શુભેચ્છાઓ સાથે તેમનું હર્ષોલ્લાસપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ ગાંધીનગરના જોઈન્ટ સેક્રેટરી વનરાજભાઈ પઢારીયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે સી.આર.સી. દરેડ સંજયભાઈ વસાણી, જિલ્લા કો–ઓર્ડિનેટર (વાસ્મો) અમરેલી બલદેવભાઈ ચૌહાણ, તાલુકા પંચાયત સદસ્ય સોનલબેન વિપુલભાઈ કાચેલા, સરપંચ વિપુલભાઈ કાચેલા સહિત ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં દાતાઓ છગનભાઈ ભાતીયા, નિલેશભાઈ બફલીપરા, તળશીભાઈ ભાતીયા, હિંમતભાઈ રાદડીયા અને નરશીભાઈ પાલડીયાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી વિવિધ શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરી શિક્ષણ પ્રત્યેની પોતાની સામાજિક જવાબદારી નિભાવી હતી.

આ ઉપરાંત એસ.એમ.સી. અધ્યક્ષ વિપુલભાઈ બફલીપરા, આચાર્ય શોભનાબેન ગોટી, શાળાના શિક્ષકગણ, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવવા સહભાગી બન્યા હતા.

કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોએ શિક્ષણના મહત્વ અંગે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે આજના યુગમાં શિક્ષણ જ વિકાસનો સાચો આધાર છે. ખાસ કરીને બાળિકાઓને ગુણવત્તાસભર શિક્ષણ મળે અને તેઓ આત્મનિર્ભર બને તે માટે સૌએ મળીને પ્રયત્નશીલ રહેવું જોઈએ. મહાનુભાવોએ વાલીઓને બાળકોને નિયમિત શાળાએ મોકલવા તેમજ શિક્ષણ પ્રત્યે સકારાત્મક અભિગમ અપનાવવા અપીલ કરી હતી.

ખાખરીયા ગામના ગ્રામજનો, શિક્ષકો અને આગેવાનોના સહયોગથી યોજાયેલ આ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રેરણાદાયી અને યાદગાર બની રહ્યો હતો.

---

## સરંભડા ગામે પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવાયો



અમરેલી, તા. ૨૫

ગુજરાત સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં પ્રગતિ પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે તે અંતર્ગત અમરેલી તાલુકાના સરંભડા ગામે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

કે.કે. શાહ જનતા વિદ્યાલય–સરંભડા ખાતે અમરેલી જિલ્લા પશુપાલન નિયામક ડો. ઠાકોરના અધ્યક્ષસ્થાને તેમજ ગામનાં આગેવાનો સર્વ મોટાભાઈ સંવટ, સરપંચ પ્રતિનિધિ વિનુભાઈ દુધાત, ઉપસરપંચ મધુભાઈ હરખાણી, તાલુકા પંચાયત સદસ્ય રાજુભાઈ કાછડીયાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ પ્રવેશોત્સવમાં આંગણવાડી, બાલવાટીકા, ધોરણ–૧, ધોરણ–૯ સહિત વિવિધ વર્ગોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. અને મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તકે દાતાઓ સર્વ બાબુભાઈ હરખાણી, અશ્વિનભાઈ પાઠક તેમજ સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુર દ્વારા બાળકોને નોટબુકો તેમજ શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આચાર્ય દિગંતભાઈ ઉપાધ્યાય, બી.આર.સી. તેમજ પ્રાથમિક શાળાનાં આચાર્ય વસંતબેન સાવલિયાના માર્ગદર્શનમાં યોજાયેલ કાર્યક્રમમાં આગામી સમયમાં ડ્રોપ આઉટ રેશીયો શુન્ય પર લઈ જવા સંકલ્પ કરવામાં આવ્યો હતો. આ તકે ગામનાં મહાનુભાવો, વાલીઓ, માધ્યમિક શાળા સ્ટાફ, પ્રાથમિક શાળા સ્ટાફ, આંગણવાડી સ્ટાફ તેમજ આરોગ્ય કર્મચારીઓ સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા. આ તકે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

---

### ચૈતર વસાવાના સમર્થનમાં આંદોલન

## અમરેલી ખાતે આજે આમ આદમી પાર્ટી દ્વારા સપોર્ટ માર્ચ યોજાશે

### જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયાએ પત્રકાર પરિષદ યોજી



અમરેલી, તા. ૨૫

આમ આદમી પાર્ટી ગુજરાત દ્વારા ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાને આપવામાં આવેલી સજાના વિરોધમાં તથા લોકશાહી પર થઈ રહેલા દમન સામે રાજયવ્યાપી સમર્થન આંદોલનની જાહેરાત કરવામાં આવી છે. આ સંદર્ભે આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તથા અમરેલી જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયા દ્વારા આજે પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી.

પ્રેસ કોન્ફરન્સને સંબોધતા તેઓએ જણાવ્યું હતું કે, ચૈતરભાઈ વસાવા આદિવાસી, ખેડૂત, વંચિત અને શોષિત સમાજના હકો માટે સતત સંઘર્ષ કરતા લોકપ્રિય જનપ્રતિનિધિ છે. ભાજપ સરકાર તેમના વધતા જનસમર્થન અને લોકપ્રિયતાથી ગભરાઈ ગઈ છે, જેના કારણે રાજકીય દ્વેષભાવના રાખીને તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

વધુમાં જણાવ્યું હતું કે, ચૈતરભાઈ વસાવાની સાથે એક બેન પોતાના નવજાત બાળક સાથે જેલમાં રહેવાની ફરજ પડી રહી છે, જે માનવતા માટે અત્યંત દુઃખદ અને નિંદનીય બાબત છે. આ સમગ્ર ઘટના લોકશાહી અને બંધારણીય મૂલ્યો પર સીધો હુમલો છે.

આમ આદમી પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતમાં ત્રણ તબક્કામાં રાજયવ્યાપી સમર્થન કાર્યક્રમો યોજવામાં આવશે. જેમાં : ૨૬ જૂનના રોજ તમામ જિલ્લાઓમાં સપોર્ટ માર્ચ યોજાશે. ૨૮ જૂનના રોજ રાજયની તમામ વિધાનસભા બેઠકોમાં વિરોધ કાર્યક્રમ યોજાશે. ૩૦ જૂનના રોજ તમામ વોર્ડો, તાલુકાઓ અને જિલ્લા પંચાયત વિસ્તારોમાં સપોર્ટ માર્ચ અનેકાર્યક્રમો યોજાશે.

તેઓએ જણાવ્યું કે ૨૬ જૂનનો દિવસ દેશના ઈતિહાસમાં ઈમરજન્સીના કાળા દિવસ તરીકે ઓળખાય છે અને એ જ દિવસે આમ આદમી પાર્ટી લોકશાહી બચાવવા અને ચૈતરભાઈ વસાવાના સમર્થનમાં રાજયવ્યાપી જનઆંદોલનની શરૂઆત કરશે.

તેમણે અંતમાં જણાવ્યું કે આ લડાઈ માત્ર ચૈતરભાઈ વસાવાની નથી, પરંતુ લોકશાહી, બંધારણ, ખેડૂતોના હક, આદિવાસી સમાજના અધિકારો અને ગુજરાતના સામાન્ય નાગરિકોના હકોની લડાઈ છે. આમ આદમી પાર્ટી જનતાના સહકારથી આ લડતને વધુ મજબૂત બનાવશે અને દમનકારી રાજનીતિ સામે સતત અવાજ ઉઠાવતી રહેશે.

---

### શિક્ષણની નવી સફરની શુભ શરૂઆત

## ઉનાની સુગર ફેકટરી પે.સેન્ટર શાળામાં શાળા પ્રવેશોત્સવ ઉત્સાહભેર ઉજવાયો

### વિદ્યાર્થીઓનું ફુલહાર સાથે સ્વાગત કરાયું


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહાઅભિયાન'ના સંકલ્પને સાકાર કરવા ઉનાની સુગર ફેકટરી પે સેન્ટર શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું તિલક, ફૂલહાર અને શુભેચ્છાઓ સાથે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મત્સ્યોદ્યોગના નાયબ નિયામક ટી. જે. કોટીયા, દિલીપસિંહ પરમાર, નગરપાલિકાના સભ્યો વિનોદ બાંભણિયા, શિવાનીબેન વાજા, ભાવેશ વાજા, તેમજ શાળાના આચાર્ય, શિક્ષકગણ, વાલીઓ અને મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

મહાનુભાવોએ વિદ્યાર્થીઓને શિક્ષણનું મહત્વ સમજાવી નિયમિત અભ્યાસ, શિસ્ત અને સંસ્કાર સાથે જીવનમાં આગળ વધવા પ્રેરણા આપી હતી. સાથે જ તેમણે શિક્ષણ દ્વારા સશક્ત, શિક્ષિત અને વિકસિત ભારતના નિર્માણમાં દરેકના સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમ આનંદ, ઉત્સાહ અને પ્રેરણાદાયી વાતાવરણ વચ્ચે સંપન્ન થયો હતો. નવા વિદ્યાર્થીઓના ચહેરા પરનો આનંદ અને વાલીઓનો ઉત્સાહ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ બન્યો હતો. શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

---

## દામનગરમાં પડવાના વાંકે ઉભેલ વૃક્ષને દુર કરવા માંગ



દામનગર, તા. ૨૫

દામનગર નગરપાલિકાની હદમાં આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એટીએમની સામે આવેલ જુની દીવાલ અને જાહેર મુતરડીની બાજુમાં વર્ષો જુનું એક વૃક્ષ કેટલાય વર્ષથી નમેલી હાલતમાં છે, છતાં જવાબદાર તંત્રને લોકોના–પશુ પ્રાણીઓના સુરક્ષાની કોઈ ચિંતા નથી. આ વૃક્ષ કોઈપણ સમયે જમીનદોસ્ત થઈ શકે એવી સ્થિતિમા હોય નગરપાલિકાએ વૃક્ષને ઉતારી લેવા કાર્યવાહી હાથ ધરવી જોઈએ...!

---

## અમરેલીમાં મહોરમ પર્વની શ્રધ્ધાભેર ઉજવણી

## નવમી મહોરમે તાજિયાઓ પડમાં આવ્યા



અમરેલી, તા. ૨૫

અમરેલી શહેરમાં હઝરત ઈમામે હુસૈન (અ.સ.) અને કરબલાના શહીદોની યાદમાં મનાવવામાં આવતા મહોરમ પર્વની શ્રદ્ધા, ગમ અને સાદગીપૂર્ણ વાતાવરણ વચ્ચે ઉજવણી કરવામાં આવી રહી છે. નવમી મહોરમના અવસરે શહેરના વિવિધ વિસ્તારોમાં બનાવવામાં આવેલા નાના–મોટા સો કરતાં વધુ કલાત્મક તાજિયાઓ આજે પડમાં આવતા ધાર્મિક માહોલ છવાઈ ગયો હતો.

મહોરમ ઈસ્લામ ધર્મનો એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક પર્વ છે, જે કરબલાની શહાદતની યાદમાં મનાવવામાં આવે છે. ઈતિહાસ મુજબ હઝરત ઈમામે હુસૈન (અ.સ.), તેમના પરિવારજનો અને સાથીદારો સહિત કુલ ૭૨ જેટલા લોકો સત્ય, ન્યાય અને હકના માર્ગ માટે તાનાશાહ યઝીદની સેના સામે કરબલાના મેદાનમાં શહીદ થયા હતા. આ મહાન શહાદતની યાદમાં સમગ્ર વિના મુસ્લિમ સમાજ દ્વારા મહોરમનો પર્વ ગમ અને અકીદત સાથે મનાવવામાં આવે છે.

અમરેલી શહેરમાં પણ પ્રથમ મહોરમથી જ વિવિધ વિસ્તારોમાં તાજિયાઓ બનાવવાની શરૂઆત થઈ હતી. નવમી મહોરમના દિવસે આકર્ષક અને કલાત્મક તાજિયાઓ પડમાં આવતા લોકો મોટી સંખ્યામાં નિહાળવા ઉમટી પડયા હતા. શહેરના વિવિધ વિસ્તારોમાં ન્યાઝ, શરબત વિતરણ, વાએઝ તથા અન્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહોરમ દરમિયાન સમગ્ર શહેરમાં ધાર્મિક અને શાંતિપૂર્ણ વાતાવરણ જોવા મળ્યું હતું. દસમી મહોરમ સુધી ચાલનારા આ પર્વની ઉજવણી ગમ, સાદગી અને કરબલાના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના ભાવ સાથે કરવામાં આવે છે. આવતીકાલે શુક્રવારે રાત્રે પરંપરાગત રીતે તાજિયાઓને ઠંડા કરવાની વિધિ યોજાશે, જેના સાથે મહોરમ પર્વની ઉજવણી પૂર્ણ થશે.

# લીલીયા મોટા પંથકમાં ધારાસભ્ય મહેશ કસવાલાનાં અધ્યક્ષસ્થાને પ્રવેશોત્સવ યોજાયો













ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજય વ્યાપી કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત લીલીયા મોટા તાલુકાના બવાડી અને હાથીગઢ ગામ ખાતે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો, શિક્ષકો અને ભૂલકાઓ ઉત્સાહભેર જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ અવસરે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ આંગણવાડી અને ધોરણ–૧માં પ્રવેશ મેળવતા નાના બાળકોને કુમકુમ તિલક કરી, મોં મીઠું કરાવીને શાળામાં આવકાર્યા હતા. પ્રવેશ મેળવતા તમામ બાળકોને શૈક્ષણિક કીટ અને રમકડાંનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ તકે ધારાસભ્યએ દીકરીઓના શિક્ષણ એટલે કે 'કન્યા કેળવણી' પર વિશેષ ભારમૂકતા જણાવ્યું હતું કે, ''જયારે એક દીકરી ભણે છે, ત્યારે આખો પરિવાર અને સમાજ શિક્ષિત બને છે.'' તેમણે વાલીઓને પોતાના બાળકોને નિયમિત શાળાએ મોકલવા અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શિક્ષણ પાછળ પૂરતું ધ્યાન આપવા અપીલ કરી હતી. કાર્યક્રમ દરમિયાન શાળાના વર્ષ ૨૦૨૫–૨૬ના તેજસ્વી વિદ્યાર્થીઓ, જેમણે શિક્ષણ અને અન્ય પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે, તેમનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલા પૂર્વ ધારાસભ્ય હનુભાભા ધોરાજીયા,જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ સહિત અન્ય મહાનુભાવો દ્વારા પ્રમાણપત્ર આપીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ ઝિંઝુવાડીયા, ભીખાભાઈ ધોરાજીયા, જયસુખ સુરાણી, વિજય ગજેરા, ચતુરભાઈ કાકડીયા, નિલેશ ધોરાજીયા, રમેશભાઈ પરમાર, રજાકભાઈ મેતર, મનુભાઈ કોગથિયા, ગોકળ ભાઈ ભુવા, દયાળભાઈ મુલાણી, હરેશભાઈ રાનાણી સહિત ગામના સ્થાનિક અગ્રણીઓ, શાળાના આચાયો, શિક્ષકગણ તેમજ મોટી સંખ્યામાં વાલીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### નવા વિદ્યાર્થીઓનું ઉત્સાહભેર સ્વાગત

## બાબરા : ગળકોટડી પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી

### દાતાઓના સહયોગથી શૈક્ષણિક કીટ અને નોટબુકનું વિતરણ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૫

બાબરા તાલુકાના ગળકોટડી ગામે આવેલી પ્રાથમિક શાળામાં રાજય સરકારના શાળા પ્રવેશોત્સવ અંતર્ગત ઉત્સાહભેર કાર્યક્રમ યોજાયો હતો. નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત સાથે બાળકોમાં શિક્ષણ પ્રત્યે રસ અને ઉત્સાહ વધે તે હેતુથી આયોજિત કાર્યક્રમમાં ગામજનો, વાલીઓ અને આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા નર્મદા અને વોટર સપ્લાય એન્ડ રિસોર્સ વિભાગના જોઈન્ટ સેક્રેટરી વનરાજભાઈ પઢારિયાએ આંગણવાડી તથા બાલવાટિકામાં નવા બાળકોને પ્રવેશ અપાવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. તેમણે શિક્ષણને જીવનના વિકાસનું સૌથી મહત્વનું સાધન ગણાવી બાળકોને નિયમિત અભ્યાસ અને સર્વાંગી વિકાસ માટે પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે કિશોરભાઈ ગરૈયા, એસ.એમ.સી. અધ્યક્ષ વાસુરભાઈ ચૌહાણ, ગામના સરપંચ, સી.આર.સી. સંજયભાઈ વસાણી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યક્રમને વધુ યાદગાર બનાવવા દાતા અરજણભાઈ લાહર દ્વારા પ્રવેશપાત્ર બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત અભ્યાસ, રમતગમત અને વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્તમ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તમામ વિદ્યાર્થીઓને ઉપયોગી પુસ્તકોનું વિતરણ તેમજ તિથિ ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. જયારે દાતા જયંતીભાઈ લાહર દ્વારા શાળાના તમામ વિદ્યાર્થીઓને નોટબુક ભેટ આપવામાં આવી હતી.

ગામના વાલીઓ અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. શાળાના આચાર્ય ડો. પ્રકાશભાઈ દવે તથા સમગ્ર શિક્ષકગણ અને શાળા પરિવારે આયોજનથી લઈને કાર્યક્રમના સફળ સંચાલન સુધી નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

શિક્ષણ પ્રત્યે સમાજની જાગૃતિ અને દાતાઓના સહયોગથી ગળકોટડી પ્રાથમિક શાળામાં યોજાયેલ આ શાળા પ્રવેશોત્સવ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી અને સ્મરણિય બની રહ્યો હતો.

### કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી દ્વારા

## ડેરી પીપરિયા અને નવા પીપરીયા ગામે ખરીફ ઋતુ પાક નિદર્શન તથા પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ યોજાઈ

### ''સ્વસ્થ જીવન અને સુરક્ષિત ભવિષ્ય માટે પ્રાકૃતિક ખેતી જ શ્રેષ્ઠ માર્ગ''



અમરેલી, તા. ૨૫

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના માનનીય કુલપતિ પ્રો. (ડો.) સી.કે. ટીંબડિયાના માર્ગદર્શન હેઠળ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી દ્વારા પ્રાકૃતિક ખેતીના પ્રચાર–પ્રસાર અને ખેડૂતોમાં જાગૃતિ લાવવાના હેતુસર ડેરી પીપરિયા અને નવા પીપરિયા ગામ ખાતે ખરીફ ઋતુ પાક નિદર્શન તથા પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના આચાર્ય ડો. એસ.પી. દેશમુખના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ૭૫થી વધુ ખેડૂતો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. તાલીમ દરમિયાન કોલેજના મદદનીશ પ્રાધ્યાપક ડો. કે.વી. મસાલીયા અને આર.એચ. વઘાસિયા, ખેતીઅધિકારી એચ.વી. વળિયા તથા જે.બી. પરમાર તેમજ ખેતી મદદનીશ એસ.એ. બારડ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના પાંચ આધારસ્તંભો બીજામૃત, જીવામૃત, ઘન જીવામૃત, વાપસા અને આચ્છાદન અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ કુદરતી જીવાત નિયંત્રણની પદ્ધતિઓ અને મિશ્રપાક પદ્ધતિના લાભો અંગે વૈજ્ઞાનિક માહિતી પણ આપવામાં આવી હતી.

તાલીમ દરમિયાન એક જ ખેતરમાં વિવિધ પાકોનું વૈજ્ઞાનિક આયોજન કરીને જમીનની ફળદ્રુપતા જાળવવી, જીવાત અને રોગના ઉપદ્રવમાં ઘટાડો કરવો, ઉત્પાદનની સ્થિરતા વધારવી તેમજ ખેડૂતોની આવકમાં વધારો કરવાના મુદ્દાઓ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. ઉપરાંત રોજિંદા જીવનમાં પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત કૃષિ પેદાશોના ઉપયોગથી સ્વાસ્થ્યલક્ષી લાભો અંગે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતે ખેડૂતો દ્વારા પ્રાકૃતિક ખેતી સંબંધિત પૂછવામાં આવેલા વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા. ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ અપનાવી ખેતીને વધુ ટકાઉ, પર્યાવરણમૈત્રી, સ્વાવલંબી અને ખર્ચ અસરકારક બનાવવાની અપીલ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત ખેડૂતો દ્વારા પ્રાકૃતિક ખેતીને સ્વસ્થ જીવન, સુરક્ષિત ભવિષ્ય અને ટકાઉ કૃષિ વિકાસ માટે શ્રેષ્ઠ વિકલ્પ ગણાવી તેના વ્યાપક અમલીકરણની જરૂરિયાત વ્યકત કરવામાં આવી હતી. કાર્યક્રમ ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે જાગૃતિ વધારવા અને ટકાઉ કૃષિ વિકાસને પ્રોત્સાહન આપવા માટે મહત્વપૂર્ણ સાબિત થયો હતો.

### પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ ભાવનગર ઝોન હેઠળ

## ધારી નગરપાલિકા દ્વારા ઘન કચરા વ્યવસ્થાપન નિયમો અંતર્ગત વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો

### SWM રૂલ્સના કડક અમલીકરણ માટે નગરપાલિકા સજ્જ



અમરેલી, તા. ૨૫

નવા ઘન કચરા વ્યવસ્થાપન નિયમો (SWM Rules) ૨૦૨૬ અને નામદાર સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશો અંતર્ગત ધારી નગરપાલિકા ખાતે પદાધિકારીઓ, સફાઈ કામદારો અને શહેરીજનો માટે યોજાયો એક દિવસીય ખાસ તાલીમ વર્ગ; કચરાના વૈજ્ઞાનિક નિકાલ અને 'સ્વચ્છતા સમીક્ષા કેન્દ્ર' (SSK) પોર્ટલ પર ડિજિટલ મોનિટરિંગ અંગે વિસ્તૃત માર્ગદર્શન અપાયું.

ભારત સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા સમગ્ર રાજયમાં તારીખ ૧/૪/૨૦૨૬થી અમલમાં મૂકવામાં આવેલા 'ઘન કચરા વ્યવસ્થાપન નિયમો – ૨૦૨૬' અને નામદાર સુપ્રીમ કોર્ટના આદેશોના કડક અમલીકરણના ભાગરૂપે, પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ (ભાવનગર ઝોન)ના માર્ગદર્શન હેઠળ આજે તારીખ ૨૪ જૂન ૨૦૨૬ના રોજ ધારી નગરપાલિકા દ્વારા એક વિશેષ તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ, વિવિધ સમિતિના ચેરમેનઓ, ચૂંટાયેલા પદાધિકારીઓ, સભ્યો, મુખ્ય અધિકારી (ચીફ ઓફિસર), સેનેટરીઈન્સ્પેકટર્સ, સુપરવાઈઝર્સ, સફાઈ કામદારો તેમજ સ્થાનિક નાગરિકો અને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ એક દિવસીય તાલીમ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત તમામ સહભાગીઓને વૈજ્ઞાનિક ઢબે કચરાના નિકાલ અને સુનિયોજિત વ્યવસ્થાપન અંગે વિગતવાર માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે SWM રૂલ્સ–૨૦૨૬નો વિગતવાર પરિચય, શહેરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને સોંપવામાં આવેલ કાનૂની જવાબદારીઓ, તેમજ સામાન્ય નાગરિકો (Waste Generators) અને મોટા વ્યવસાયિક એકમો (Bulk Waste Generators) દ્વારા કચરાનું યોગ્ય વર્ગીકરણ કરવા અંગેની ફરજો સમજાવવામાં આવી હતી. આ ઉપરાંત, સ્વચ્છતા ઝુંબેશને વધુ વેગ આપવા માટે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની મુખ્ય પ્રેરક (Lead Facilitators) તરીકેની સક્રિય ભૂમિકા અને સેનેટરી વર્કર્સ તેમજ સુપરવાઈઝર્સની રોજિંદી કામગીરી અને સુરક્ષા જેવા મહત્વના મુદાઓ પર સવિસ્તાર ચર્ચા કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું ડિજિટલ મોનિટરિંગ થાય તે હેતુથી નિયમ અનુસાર તાલીમના જીઓ–ટેગ (Geo-Tag) ફોટોગ્રાફસ, વીડિયો અને ઉપસ્થિત મહાનુભાવોની યાદી સાથેનો વિગતવાર અહેવાલ 'સ્વચ્છતા સમીક્ષા કેન્દ્ર' (SSK)ના પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવામાં આવ્યો છે, જેની રાજય કક્ષાએથી સીધી સમીક્ષા કરવામાં આવશે. અંતમાં, નગરપાલિકા પ્રશાસન દ્વારા ધારી નગરપાલિકાના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના ઘર અને વ્યવસાયના સ્થળેથી જ ભીનો અને સૂકો કચરો અલગ–અલગ આપીને ધારી નગરપાલિકાને સંપૂર્ણ સ્વચ્છ અને સુંદર બનાવવામાં પોતાનો અમૂલ્ય સહયોગ આપે. વધુ માહિતી માટે વિભાગ દ્વારા જાહેર કરાયેલ 'ઘન કચરા વ્યવસ્થાપન નિયમો – ૨૦૨૬ અને નામદાર સુપ્રીમ' માર્ગદર્શિકાનો સંદર્ભ લઈ શકાશે.

# લીલીયા મોટા ખાતે તહેવારને લઈને પોલીસ વિભાગનુ ફૂટ પેટ્રોલીંગ









લીલીયા આગામી સમયમાં આવી રહેલા પવિત્ર તહેવારો ભીમ અગિયારશ અને મોહરમ પર્વને ધ્યાને લઈને લીલીયા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ નાગરિકો સુરક્ષિત વાતાવરણમાં તહેવારોની ઉજવણી કરી શકે તેવા શુભ હેતુથી લીલીયા પોલીસ દ્વારા ખાસ ફૂટ પેટ્રોલિંગનુંઆયોજન કરવામાંઆવ્યુંહતું આ ફૂટ પેટ્રોલિંગ પી.આઈ. એમ. ડી. સાળુંકેની ખાસ સૂચના અને માર્ગદર્શન હેઠળ, તેમજ પી.એસ.આઈ. વાય.એમ. જાડેજાની સીધી આગેવાનીમાં લીલીયા પોલીસ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવ્યુંહતું પોલીસ કાફલાએશહેરના વિવિધ સંવેદનશીલ અનેમુખ્ય વિસ્તારોમાં પગપાળ ા પ્રવાસ (ફૂટ પેટ્રોલિંગ) કરીને સુરક્ષા વ્યવસ્થાની સઘન સમીક્ષા કરી હતી. જયારે આગામી ભીમ અગિયારશ અને મોહરમ જેવા પવિત્ર પર્વો સમગ્ર શહેરમાં ભાઈચારા અનેશાંતિમય વાતાવરણમાં ઉજવાય, તેમજ અસામાજિક તત્વો પર લગામ કસી શકાય તે માટે આ વિશેષ ડ્રાઈવ યોજવામાં આવી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ટ્રાફિકથી ધમધમતા ડો.જીવરાજ મહેતા ચોકમાં ભવિષ્યમાં મોટો અકસ્માત થાય તે પહેલા

# અમરેલીમાં જોખમી બનેલ પાલિકાની જુની બિલ્ડીંગને હટાવો

એક દાયકા કરતા પણ વધુ સમયથી પાલિકા કચેરીની જુની બિલ્ડીંગ પડવા વાંકે ઉભી છે

પાલિકા કચેરીનાં નીચેનાં વેપારીઓમાં ચોમાસુ નજીક આવતું હોવાથી ફફડાટનો માહોલ

પાલિકા શહેરમાંથી ખાનગી જર્જરિત મકાનોને હટાવવા તાકીદ કરે સાથે પોતાના જર્જરિત બિલ્ડીંગ દુર કરે તે પણ જરૂરી

જુની બિલ્ડીંગના સ્થળે આધુનિક સુવિધાસભર શોપીંગ સેન્ટર બનાવવું જોઇએ









અમરેલી, તા.૨૫

અમરેલીના હાર્દસમાં ડો.જીવરાજ મહેતા ચોકમાં એક દાયકા કરતા પણ સમયથી પાલિકા કચેરીનું જુનુ બિલ્ડીંગ પડવાનાં વાંકે ઉભુ છે. જર્જરિત બનેલ બિલ્ડીંગની નીચે અનેક દુકાનો, શો–રૂમ આવેલ છે. તેમજ મોટી સંખ્યામાં શહેરીજનોની અવર–જવર પણ રહેતી હોય જુના બિલ્ડીંગને હટાવીને તે જ સ્થળે આધુનિક સુવિધાસભર નવું બિલ્ડીંગ બનાવવામાં આવે અને વેપારીઓને તેજ સ્થળે દુકાન આપીને અન્ય જગ્યાનો લાભ અન્ય સારા હેતુ માટે પાલિકા કરી શકે તેમ છે.જુના બિલ્ડીંગ નીચે મોબાઈલ શો–રૂમ હટાવતા શ્રીજી મોબાઈલનાં ઓનર હાર્દિક સેંજલીયાએ જણાવ્યું કે આગામી દિવસોમાં ચોમાસું આવી રહ્યું હોય બિલ્ડીંગ અતિ જર્જરિત હોવાથી ગમે તે સમયે નાની–મોટી નુકશાન આવી શકે તેમ છે. વેપારીઓ બિલ્ડીંગ નીચે ફફડતા જીવે વેપાર કરી રહ્યા હોય પાલિકાના શાસકો આ અંગે જરૂરી કાર્યવાહી કરે તેવી ઈચ્છા વ્યકત કરી હતી.

---

### જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજાની ઉપસ્થિતિમાં

## લાઠીનાં દેરડી જાનબાઈની ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો

આંગણવાડી, ધોરણ ૯ અને ધોરણ ૧૨ના કુલ ૭૫ વિધાર્થીઓને અપાવ્યો શાળા પ્રવેશ

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દેરડી જાનબાઈની ખાતે આવેલી સરકારી હાઈસ્કૂલમાં જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજાના હસ્તે શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો.

આ પ્રસંગે આંગણવાડી, ધોરણ–૯ અને ધોરણ–૧૨ના કુલ ૭૫ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવી તેમની જ્ઞાનયાત્રાનો શુભ પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડના સંસ્કૃત વર્ગનો જિલ્લા વિકાસ અધિકારીના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. જિલ્લા વિકાસ અધિકારીએ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે નિયમિત અભ્યાસ, પરિશ્રમ અને શિસ્તને જીવનનો અભિન્ન ભાગ બનાવવા પ્રેરિત કર્યા હતા.શાળા ખાતે આરોગ્ય વિભાગ દ્વારા રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત, જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને શાળા વ્યવસ્થાપન સમિતિની બેઠક પણ યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ, શાળાકીય સુવિધાઓ અને વાલીઓની ભાગીદારી સહિતના મુદાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.અમરેલી, તા. ૨૪ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દેરડી જાનબાઈની ખાતે આવેલી સરકારી હાઈસ્કૂલમાં જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજાના હસ્તે શાળા પ્રવેશોત્સવ



યોજાયો હતો.

આ પ્રસંગે આંગણવાડી, ધોરણ–૯ અને ધોરણ–૧૨ના કુલ ૭૫ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવી તેમની જ્ઞાનયાત્રાનો શુભ પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડના સંસ્કૃત વર્ગનો જિલ્લા વિકાસ અધિકારીના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. જિલ્લા વિકાસ અધિકારીએ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે નિયમિત અભ્યાસ, પરિશ્રમ અને શિસ્તને જીવનનો અભિન્ન ભાગ બનાવવા પ્રેરિત કર્યા હતા. શાળા ખાતે આરોગ્ય વિભાગ દ્વારા રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત, જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને શાળા વ્યવસ્થાપન સમિતિની બેઠક પણ યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ, શાળાકીય સુવિધાઓ અને વાલીઓની ભાગીદારી સહિતના મુદાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

---

## ભાવનગરમાં સંસ્કૃત સંભાષણ શિબિરનો સમાપન કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૨૫

સંસ્કૃત ભારતી ભાવનગર દ્વારા દિ.૧૫ થી ૨૪ જૂન સુધી દરરોજ બપોરે ૩ થી ૫ કાળિયાબીડ ખાતે સંભાષણ શિબિરનું આયોજન થયેલ હતું. તેમાં ૨૬ ભાઈઓ, ૪૫ બહેનો મળી કુલ ૭૧ અનુરાગીઓએ ભાગ લીધો હતો.

આ વર્ગમાં બાળકોથી માંડી નિવૃત્ત સુધી દરેક લોકોએ ભાગ લીધો હતો.ગૃહિણીઓ,શિક્ષકો, નિવૃત્તો, નોકરિયાત, વ્યવસાયિકો, છાત્રો, ડોકટર, સોફટવેર, મિકેનિકલ એન્જિનિયર, યોગ ટ્રેનર, બાળકો સૌ આ વર્ગમાં હતા.શિબિરમાં શિક્ષક તરીકે ડો. પ્રણવભાઈ રાજયગુરૂ, સહશિક્ષિકા તરીકે ડો. જલ્પાબેન મુંજપરા બેને સેવા આપી હતી. શિબિરની વિશેષતા એ હતી કે અહીં ૭ વર્ષથી માંડી ૭૦ વર્ષના દરેક પ્રકારના લોકો એક સાથે ભણતા હતા. કોઈ ડિજિટલ વસ્તુ કે બોર્ડ વિના શિક્ષકના અભિનય દ્વારા, પ્રત્યક્ષ વસ્તુઓ બતાવીને, ચાર્ટ દ્વારા ભણાવવાની પદ્ધતિ અદભુત હતી તેવો અભિપ્રાય પણ આવ્યો.

શિબિરના સમાપન કાર્યક્રમમાં સંસ્કૃતભારતી સૌરાષ્ટ્ર પ્રાંતના ઉપાધ્યક્ષા ધનેશ્રી બેન ભટ્ટ, ગવર્મેન્ટ મેડિકલ કોલેજના ડીન ડો. ચિન્મય શાહ અને મહાનગર સંયોજિકા ઉર્મિબેન જાનીની પ્રેરક ઉપસ્થિતિ રહી.

દસ દિવસમાં સંસ્કૃત સંભાષણ શિબિરમાં જે ભણ્યા તેની શિબિરાર્થિઓ દ્વારા જ પ્રસ્તુતિ કરી તેમાં મંત્ર, શ્લોક, ગીત, સંવાદ, વાર્તા, અભિનય ગીત, નાટક, પ્રહેલિકા, સંસ્કૃતમાં ક્રિકેટ કામેન્ટ્રી, દિનચરી, સમય, ઘટી પાઠન બધું જ સંસ્કૃતમાં રજૂ કર્યુ. આ શિબિરના અંતે એવું નક્કી કરેલ કે દર શનિવારે સાંજે ૬થી ૭ સાપ્તાહિક મેલનમાં મળીને હજૂ સંસ્કૃતનું જ્ઞાન પ્રાપ્ત કરતા રહેવું.

---

### ડિજિટલ સુવિધાઓ અને ગુણવત્તાસભર શિક્ષણથી સજજ

## રાજુલાનાં હિંડોણા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી

મુખ્ય મહેમાન કિશોરભાઈ બી. ધૈરૈયાની ઉપસ્થિતિમાં નવપ્રવેશી બાળકોનું ઉમ્ભાભેર સ્વાગત



અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના હિંડોણા ખાતે આવેલી હિંડોણા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કિશોરભાઈ બી. ધૈરૈયા ઉપસ્થિત રહ્યા હતા. લાયઝન અધિકારી જીજ્ઞેશભાઈ ઉપાધ્યાય તેમજ ફોરેસ્ટ ગાર્ડ શ્રીમતી ક્રિષ્નાબેન ખુમાણ પણ ઉપસ્થિત રહ્યા હતા.

શાળા પ્રવેશોત્સવ અંતર્ગત આંગણવાડીમાં ૬ બાળકો, બાલ વાટિકામાં ૪૯ બાળકો તેમજ ધોરણ–૧માં ૨ બાળકોનો પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. મહાનુભાવોના હસ્તે નવપ્રવેશી બાળકોને શૈક્ષણિક કીટ સહિત આવશ્યક સામગ્રી અર્પણ કરી તેમનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

હિંડોણા પ્રાથમિક શાળા આધુનિક શૈક્ષણિક સુવિધાઓથી સજજ ડિજિટલ શાળા તરીકે કાર્યરત છે. શાળામાં ૭ સ્માર્ટ બોર્ડ, કમ્પ્યુટર લેબ તથા વિજ્ઞાન લેબ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. બાલ વાટિકાના બાળકોના સર્વાંગી વિકાસ માટે રમકડાંની સુવિધા પણ ઊભી કરવામાં આવી છે.

શાળાની પોતાની યુટયુબ ચેનલ પણ કાર્યરત છે, જેમાં શાળામાં યોજાતી વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના વીડિયો નિયમિત રીતે અપલોડ કરવામાં આવે છે.


શાળાના દાતા જેઠસુરભાઈ ઉનડભાઈ પટાટ દ્વારા બાળકોને નિયમિત નાસ્તો આપવામાં આવે છે. તેમજ રાણેશ્રીબેન રામભાઈ વાવડીયા દ્વારા બાળકોના પુસ્તકો માટે દાન આપવામાં આવ્યું છે. દાતાઓના સહયોગથી શાળામાં શિક્ષણ સાથે પોષણ અને શૈક્ષણિક સામગ્રીની સુવિધા પણ સુનિશ્ચિત બની છે.


શાળાની ગુણવત્તાસભર શિક્ષણપ્રત્યેની પ્રતિબદ્ધતાના પરિણામે દર વર્ષે અંદાજે ૮થી ૧૦ બાળકો ધોરણ–૬માં પ્રવેશ માટે યોજાતી સીઈટી પરીક્ષામાં મેરીટ મેળવી પસંદગી પામે છે.

કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોએ વાલીઓને બાળકોના નિયમિત શિક્ષણ, સર્વાંગી વિકાસ અને શાળાની વિવિધ પ્રવૃત્તિઓમાં સહભાગી બનવા માટે પ્રેરિત કર્યા હતા.

---

# સાવરકુંડલાનું આકાશી મેલડી માતાજી મંદિર શ્રધ્ધાનું કેન્દ્ર, રોજ ૫૦૦થી વધુ અને રવિવારે ૨,૦૦૦ જેટલા ભાવિકો ઉમટે છે









સાવરકુંડલા : અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેર નજીક અમરેલી બાયપાસ રોડ પર આશરે બે કિલોમીટર દૂર આવેલું આકાશી મેલડી માતાજીનું મંદિર આજે સમગ્ર વિસ્તારમાં શ્રધ્ધા અને આસ્થાનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની ગયું છે. છેલ્લા લગભગ ૨૦ વર્ષથી અસ્તિત્વમાં રહેલું આ મંદિર માત્ર ધાર્મિક સ્થળ જ નહીં, પરંતુ સેવાભાવ અને સામાજિક એકતાનું પણ પ્રતિક બની રહ્યું છે. રોજબરોજ અહીં ૫૦૦થી વધુ શ્રધ્ધાળુઓ માતાજીના દર્શન માટે આવે છે, જયારે રવિવારના દિવસે આ સંખ્યા વધીને ૧,૦૦૦થી ૨,૦૦૦ સુધી પહોંચી જાય છે. મંદિર પરિસરમાં દર્શન માટે આવનાર ભાવિકો માટે ભોજન પ્રસાદ, ચા–પાણી અને નાસ્તાની નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવે છે. અનેક શ્રધ્ધાળુઓ પોતાની મનોકામના પૂર્ણ થતાં માતાજીનો તાવો કરે છે, માંડવો યોજે છે તેમજ ભોજન પ્રસાદનું આયોજન કરીને પોતાની આસ્થા વ્યકત કરે છે. વર્ષ દરમિયાન વિવિધ ધાર્મિક પ્રસંગો અને સામૂહિક કાર્યક્રમોનું પણઆયોજન કરવામાં આવે છે, જેના કારણે મંદિર પરિસર હંમેશા ભકિતમય વાતાવરણથી ગુંજતું રહે છે. સાવરકુંડલાના રહેવાસી મહેન્દ્રભાઈ ખુમાણ જણાવે છે કે તેઓ નિયમિત રીતે માતાજીના દર્શન કરવા આવે છે. તેમના જણાવ્યા મુજબ આજે જયાં ભવ્ય મંદિર ઊભું છે, ત્યાં અગાઉ ઉજ્જડ જમીન અને નાનું મંદિર હતું. છેલ્લા બે દાયકામાં મંદિરનો સતત વિકાસ થયો છે અને આજે તે સમગ્ર વિસ્તારના લોકો માટે આસ્થાનું વિશેષ કેન્દ્ર બની ગયું છે. મહેન્દ્રભાઈ વધુમાં કહે છે કે રોજ મોટી સંખ્યામાં ભાવિકો અહીં દર્શન માટે આવે છે, જયારે ખાસ કરીને રવિવારે હજારો શ્રદ્ધાળુઓ માતાજીના આશીર્વાદ મેળવવા ઉમટી પડે છે. મંદિરની વ્યવસ્થામાં સેવાભાવને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે, જેના કારણે અહીં આવનાર દરેક વ્યકિતને પ્રસાદ, ચા અને અન્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. મંદિરના મહંત કાના ભગત દ્વારા નિયમિત પૂજા–અર્ચના કરવામાં આવે છે. તેઓ ભાવિકોને ધાર્મિક માર્ગદર્શન આપવા ઉપરાંત મંદિરની સેવાકીય પ્રવૃત્તિઓનું પણ સંચાલન કરે છે. મંદિર ટ્રસ્ટ અને સેવાભાવી લોકોના સહયોગથી ભોજનશાળા સહિતની વ્યવસ્થા સતત ચાલુ રાખવામાં આવી રહી છે. પ્રકૃતિના હરિયાળા વાતાવરણ વચ્ચે આવેલું આકાશી મેલડી માતાજીનું મંદિર હવે ધાર્મિક સ્થળ ઉપરાંત પર્યટન સ્થળ તરીકે પણ ઓળખ મેળવી રહ્યું છે. રજાના દિવસોમાં પરિવાર સાથે મોટી સંખ્યામાં લોકો અહીં દર્શન અને પરિસરની મુલાકાત લેવા પહોંચે છે. ભકિત, સેવા અને શ્રધ્ધાનો અનોખો સંગમ બનતું આ મંદિર સાવરકુંડલાની આગવી ઓળખ તરીકે ઉભરી રહ્યું છે.

# સાવરકુંડલાની પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવતા ધારાસભ્ય કસવાલા














સાવરકુંડલા શહેરમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનાં અધ્યક્ષસ્થાને શહેરની પ્રાથમિક શાળા નં. ૬ તેમજ એસ.વી. દોશી ગર્લ્સ માધ્યમિક શાળામાં નવપ્રવેશી વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવવામાં આવ્યો હતો. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ધ્વારા વર્ષ ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શરૂ કરવામાં આવેલ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનાં ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વિદ્યાર્થીઓને આવકારી તેમના ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં શિક્ષણનું મહત્વ સમજાવી, બદલાતા શિક્ષણ પ્રવાહો સાથે કરદ મિલાવી આગળ વધવા અને દેશનું નામ રોશન કરવા પ્રેરિત કર્યા હતા. ધારાસભ્યએ શિક્ષકોની સાથે વાલીઓ અને સમાજને પણ શિક્ષણ પ્રત્યે વધુ જાગૃત બનવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં સાવરકુંડલા શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના ટ્રસ્ટીઓ, આચાર્યો, શિક્ષકો તથા અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## સિંહનાં હુમલાનાં બનાવમાં મોતનો ૪થો બનાવ

દૂધ આપવા જઈ રહ્યો હતો, ત્યારે જ અંધારામાં કાળ બનીને આવેલી એક સિંહણે માસુમ બાળક ઉપર તરાપ મારી હતી. દાદા કંઈ સમજે તે પહેલાં જ સિંહણ બાળકને દાદાના હાથની આંગળીએથી ખેંચીને સીમ તરફ ભાગી ગઈ હતી.

પોતાના ઘરથી માત્ર ૨૦ ફૂટ દૂર બનેલી આ ગંભીર ઘટનાથી સ્થાનિકોમાં કંપારી છૂટે તેવું વાતાવરણ સર્જાયું હતું. દોઢ બે કલાકની જહેમત બાદ ગામથી એક કિ.મી. દૂર જંગલ વિસ્તારમાંથી આ માસૂમ બાળકનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવતા પરિવાર પર આભ તૂટી પડયું હતું. આ પરિવારનો એકના એક દીકરો છીનવાઈ ગયો હતો. જયારે આ ઘટના કેમ ઘટી તે અંગે આંગળી પકડીને પૌત્રને સાથે લઈ જતા દાદાએ ઘટનાક્રમ વર્ણવાયો હતો.

ચતુરી ગામના નાના બાળકનાં મોતની ગંભીર ઘટનાના ઘેરા પડઘા પડયા હતા અને પરિવારનો એકનો એક દીકરાનો દીપક અકાળે બુઝાઈ ગયેલો હતો. આથી પરિવાર અને સ્થાનિકોમાં વન વિભાગ સામે ભારે નારાજગી જોવા મળી હતી.

આજે સવારે દીકરાના અંતિમક્રિયા વખતે લોકો આક્રંદ કરતા જોવા મળ્યા હતા અને મૃતકના કાકાએ વનવિભાગ અને સરકાર સામે સવાલો કર્યા હતા.

અમરેલીજિલ્લામાં છેલ્લા એક જ મહિનાની અંદર સિંહના હુમલાની આ ચોથી ઘટના ઘટી હતી. બગસરાના ઘંટીયાળ ગામે ૭ વર્ષના પરપ્રાંતીય ખેતમજૂરના બાળકનું સિંહનાં હુમલામાં મોત થયેલ ત્યાર બાદ સાવરકુંડલાના જૂના સાવર ગામે વયોવૃધ્ધ ખેડૂત સિંહ હુમલાનો ભોગ બનેલા હતા. તો રાજુલાનાં કોવાયા ગામે ઉત્તરાખંડના પરપ્રાંતીય મજૂરનું સિંહનાં હુમલામાં મોત થયાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં આ ચોથી ઘટના ચતુરી ગામે ઘટી હતી.

ગીર વિસ્તારમાં નહીં પણ ગામની અંદર અને ઘરથી માત્ર ૨૦ ફૂટ દૂર દાદાની આંગળીમાં રહેલા બાળકને સિંહણ ઉપાડીને લઈ ગઈ હતી અને સિંહણનાં હુમલામાં બાળકનું મોત થયેલ. ત્યારે વારંવાર બનતા આવા બનાવો છતાં તંત્ર કેમ ઘોરનિદ્રામાં છે ? તે મોટો સવાલ છે. સિંહ–સિંહણ હવે છેક ઘરના આંગણા સુધી આવી ચડે છે અને ગ્રામજનો આખી રાત જાગવા મજબૂર બને છે. લોકો હવે વનમંત્રી સમક્ષ માનવ રક્ષણની સરકાર જવાબદારી કયારે લેશે ? તેવો સવાલ ચતુરી તાલુકા પંચાયત સીટના સદસ્ય આલિગભાઈ ભૂકણે કર્યો હતો.

હાલ તો માસૂમ જીયાનના મોતના પગલે ચતુરી ગામમાં સિંહણના ભયથી ભારે ફફડાટ અને માતમનો માહોલ છે. ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે કે, જો વન વિભાગ દ્વારા વનરાજોના આતંકથી કાયમી છુટકારો અને માનવ રક્ષણ માટે નક્કર પગલાં લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે અને વનમંત્રી અર્જુન મોઢવાડિયા પણ ચતુરી ગામે આવવાના છે, તેને જ સિંહોના ગંભીર પ્રશ્નો નિવારણ કરે જેથી ખેતી પણ ખેડૂતો કરી શકે ને માલધારીઓ પશુપાલન કરી શકે તેવું નિવેદન ચતુરીના સરપંચ કમલેશ જાનીએ જણાવ્યું હતું.

સિંહ હુમલાઓની ઘટનાઓથી ગીર પંથકના ગામડાંઓમા ભયનું વાતાવરણ છે. હાલ આ નરભક્ષી સિંહણના ગ્રુપના ૫ જેટલા સિંહોને વન વિભાગે પકડી લીધા છે. ત્યારે હજુ પણ ૨ સિંહો ગામની આસપાસ આંટાફેરા કરતા હોવાનું જાણવા મળે છે. ત્યારે વનવિભાગ તાકીદે માનવ જિંદગી બચે તે અંગે પણ વિચારવાનો સમય આવી ગયો છે તે ચોક્કસ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં ટાવર નીચે આવેલ

ટાવરની ઉપર લગાવવામાં આવેલા તમામ કેબલ તેમજ ફલડ લાઈટને તાત્કાલિક અસરથી દૂર કરવા જણાવવામાં આવ્યું છે. આ સાથે જ, કલોક ટાવરની નીચેના ભાગમાં આવેલી તમામ દુકાનોને આગામી ૫ (પાંચ) દિવસની અંદર સંપૂર્ણપણે ખાલી કરવા માટે કડક આદેશ આપવામાં આવ્યો છે. આ નોટિસ દ્વારા અમરેલી શહેરના તમામ કેબલ ધારકો, દુકાનદારો, પીજીવીસીએલ (પીજીવીસીએલ) અને અન્ય સંબંધિત એજન્સીઓ તેમજ સંસ્થાઓને આ કામગીરીમાં સહયોગ આપવા માટે ખાસ જાણ કરવામાં આવી છે તેમ અમરેલી નગરપાલિકાની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## ૨૩ પત્તાપ્રેમીઓની અટકાયત

ગત તા.૨૪ ના રોજ સાંજે ૬/૧૫ વાગ્યે જાહેરમાં પૈસાથી તીનપતી નામનો હાર જીતનો જુગાર રમતા હોય સ્થાનિક પોલીસે રેઈડ કરી તમામ દસ આરોપી રોકડ રકમ રૂપિયા ૧૦,૬૫૦ના મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

બીજા બનાવમાં રાજુલા તાલુકના ચાંચ ગામે રહેતા મુકેશભાઈ નાથાભાઈ શિયાળ, કનુભાઈ છનાભાઈ ચૌહાણ, પાસાભાઈ લખમણભાઈ ધુંધળવા, કલ્પેશભાઈ વનરાજભાઈ શિયાળ સહીત ચારે'ય ઈસમો તા.૨૪ રોજના રોજ રાત્રે ૧/૧૫ વાગ્યે ચાંચ ગામે ખેતરપાળ દાદાના મંદિર પાસે જાહેર રસ્તામાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે પૈસા વડે હારજીતનો જુગાર રમતા હોય સ્થાનિક પોલીસે દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૭૧૦૦ના મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ત્રીજા બનાવમાં લીલીયા ગામે રહેતા મહેશભાઈ ગોવિંદભાઈ વઘેડીયા, વિનુભાઈ પ્રવિણભાઈ ગલસાણીયા તથા ગોબરભાઈ બીજલભાઈ માણસુરીયા સહીત ત્રણ ઈસમો લીલીયા ગામે જુની ધામત શેરી વિસ્તારના પાળા પાસે જાહેરમાં તીનપતીનો જુગાર રમી રમતાહોય સ્થાનિક પોલીસે દરોડો પાડી રોકડ રકમ રૂપિયા રૂા.૩૩૦૦ના મુદામાલ સાથે ત્રણેય ઈસમોને સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ચોથા બનાવમાં ખાંભા તાલુકાના કોદિયા ગામે રહેતા ભીમભાઈ લાખાભાઈ વાળા સહીત ૬ ઈસમો કોદીયા ગામે ગરબીમાતાના ચોકમા જાહેરમા સ્ટ્રીટ લાઈટના અંજવાળે જાહેરમાં વડે તીન પત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતા રોકડ રકમ રૂપિયા ૧૦,૮૮૦ના મુદામાલ સાથે ૬ ઈસમો રેઈડ દરમ્યાન ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## બગસરા નગરપાલિકાની સમિતિઓની

અનિયમિતતાઓની ગંભીરતાને ધ્યાને લઈને જિલ્લા ભાજપ સંગઠન દ્વારા આ મામલે કડક વલણ અખત્યાર કરવામાં આવ્યું છે. પ્રબળ ચર્ચાઓ પક્ષના આંતરિક વર્તુળોમાં ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જિલ્લા ભાજપ નેતાગીરીએ નિયમો વિરૂધ્ધ બનેલી આ તમામ સમિતિઓને તાત્કાલિક અસરથી વિખેરી નાખવા માટે સ્થાનિક હોદેદારોને સ્પષ્ટ સૂચના આપી દીધી છે. પક્ષની છબી ન ખરડાય તે માટે સંગઠન દ્વારા લેવાયેલા આ આકરા વલણથી સ્થાનિક નેતાગીરી બેકફૂટ પર આવી ગઈ છે. હવે સમગ્ર બગસરા પંથકમાં અને રાજકીય આલમમાં એ જ ચર્ચા જોરશોરથી ચાલી રહી છે કે જિલ્લા સંગઠનના આદેશ બાદ પાલિકાના સદસ્યો આ વિવાદિત સમિતિઓ વિખેરી નાખશે કે પછી પોતાની જિદ પર અડી રહેશે. તેના પર કાર્યકરોની મિટ મંડાણી છે. આ બાબતે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના જણાવ્યા અનુસાર આ સમિતિઓ માત્ર કાગળ પર રચાયેલી છે હકીકતમાં તમામ સમિતિઓની રચનાની જાહેરાત અત્રેથી કર્યા પછી જ કાયદેસરની ગણાશે નું જણાવ્યું હતું.

# બાબરામાં હિન્દુ–મુસ્લિમ એકતાનું અનોખું ઉદાહરણ : સબીલ આયોજકોનું સન્માન

બાબરા, તા. ૨૫

બાબરા શહેરમાં આજે હિન્દુ–મુસ્લિમ એકતા અને ભાઈચારાનું સુંદર ઉદાહરણ જોવા મળ્યું હતું. મહોરમ પર્વ નિમિત્તે મેલા હુસૈનની યાદમાં શહેરના ચામુંડા નગર વિસ્તારમાં હિન્દુ સમાજના આગેવાનો દ્વારા છેલ્લા ૧૦ દિવસથી સબીલ તથા નિયાઝ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું, જેની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે.

આ પ્રસંગે મુસ્લિમ યુવા આગેવાન તેમજ ભાજપ અગ્રણી હારૂનભાઈ મેતર દ્વારા સબીલના આયોજક હિન્દુ સમાજના આગેવાનોનું શાલ ઓઢાડી અને સન્માન કરી કોમી એકતા, સોહાર્દ અને ભાઈચારાનો અનોખો સંદેશ આપ્યો હતો. હારૂનભાઈ મેતરે જણાવ્યું હતું કે બાબરા શહેર હંમેશા હિન્દુ–મુસ્લિમ એકતાનું પ્રતીક રહ્યું છે અને આવો પ્રેમ, સદભાવ તથા પરસ્પર સન્માન સતત જળવાઈ રહે તે માટે સૌએ પ્રયત્નશીલ રહેવું જોઈએ.

પ્રસંગ દરમિયાન મેલા હુસૈનની યાદમાં દુઆ કરવામાં આવી હતી તેમજ દેશ અને સમાજમાં શાંતિ, સુખાકારી અને હિન્દુ–મુસ્લિમ એકતાનો ભાવ અખંડિત રહે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, નગરપાલિકા પ્રમુખ ભરતભાઈ રંગપરા, મુકેશભાઈ મિયાણી, દીકુભાઈ મિયાણી, વિજયભાઈ કુકડીયા, લાભુભાઈ ધોળકિયા, નનાભાઈ બોલાતર, ઈમરાનભાઈ પરમાર સહિત આગેવાનો અને મોટી સંખ્યામાં હિન્દુ– મુસ્લિમ સમાજના





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

લોકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન બંને સમાજના આગેવાનોએ એકતા, પ્રેમ અને ભાઈચારાના સંદેશ સાથે બાબરાની ગંગા–જમુની સંસ્કૃતિને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યકત કર્યો હતો.

# સંરક્ષણ દળમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોએ નિવાસી તાલીમ વર્ગ માટે અરજી કરવી

અમરેલી, તા. ૨૫

ગુજરાત રાજયના યુવાનો સંરક્ષણ દળ, પોલીસ દળમાં ભરતી થાય તે માટે જિલ્લા રોજગાર કચેરી, અમરેલી દ્વારા જિલ્લાના ફકત પુરૂષ ઉમેદવારો માટે ૩૦ દિવસના નિવાસી તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારો માટે તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રહેવા–જમવાનું તથા શારીરિક કસોટી અને લેખિત કસોટીની તાલીમ નિઃશુલ્ક આપવામાં આવશે.

આ તાલીમ વર્ગમાં ધોરણ ૧૦ પાસ કે તેથી વધુ ઉમેદવારો અરજી કરી શકે છે. તેમજ તાલીમાર્થી તરીકે જોડાનાર ઉમેદવારોની ઉંમર ૧૭.૫ વર્ષથી ૨૩ વર્ષ સુધીની હોય તેવા શારીરિક તેમજ માનસિક રીતે સક્ષમ ઉમેદવારોએ આ તાલીમ વર્ગ માટે અરજી કરવાની રહેશે. ઉમેદવારોએ અરજી ફોર્મ રોજગાર કચેરી અમરેલી ખાતેથી અથવા @empamreli ટેલિગ્રામ ચેનલ પરથી વિનામુલ્યે મેળવી લેવું અને દિન ૧૫માં જિલ્લા રોજગાર કચેરી, બહુમાળી ભવન, અમરેલી ખાતે મોકલી આપવાનું રહેશે. વધુ વિગતો માટે ટેલિફોન નં. ૯૫૧૨૩૪૦૫૪૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે તેમ જિલ્લા રોજગાર અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# કુંકાવાવ તાલુકામાં પોલીસ અધિક્ષક સંજય ખરાતના અધ્યક્ષસ્થાને શાળા પ્રવેશોત્સવ યોજાયો









કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ–૨૦૨૬ અંતર્ગત અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના રામપર, તોરી તથા નાજાપુર ખાતે પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાતના અધ્યક્ષસ્થાને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. પોલીસ અધિક્ષકએ રામપર પ્રાથમિક શાળા, તોરી–પે સેન્ટર પ્રાથમિક શાળા તથા આદર્શ માધ્યમિક શાળા–તોરી તેમજ નાજાપુર પ્રાથમિક શાળા અને શ્રીમતી એમ.ડી. મેઘાણી હાઈસ્કૂલ–નાજાપુર ખાતે આંગણવાડી, બાલવાટિકા તથા ધોરણ–૧ અને ધોરણ–૯ના વિદ્યાર્થીઓને શાળાપ્રવેશ અપાવી તેમની જ્ઞાનયાત્રાનો શુભ પ્રારંભ કરાવ્યો હતો. રામપર પ્રાથમિક શાળામાં આંગણવાડી અને બાલવાટિકાના કુલ ૨૦ બાળકોને પ્રવેશ અપાવવામાં આવ્યો હતો. તોરી પે સેન્ટર પ્રાથમિક શાળા તથા આદર્શ માધ્યમિક શાળા–તોરી ખાતે આંગણવાડીના ૨૦, બાલવાટિકાના ૨૧, ધોરણ–૧ના ૨ તેમજ ધોરણ–૯ના ૪૯ વિદ્યાર્થીઓ સહિત કુલ ૯૨ વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ અપાવવામાં આવ્યો હતો. નાજાપુર પ્રાથમિક શાળા અને શ્રીમતી એમ.ડી. મેઘાણી હાઈસ્કૂલ–નાજાપુર ખાતે આંગણવાડીના ૫, બાલવાટિકાના ૫ તથા ધોરણ–૯ના ૨૪ વિદ્યાર્થીઓ સહિત કુલ ૩૪ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવી આવકારવામાં આવ્યા હતા. આમ, ત્રણેય સ્થળોએ કુલ ૧૪૬ વિદ્યાર્થીઓને શાળાપ્રવેશ અપાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પોલીસ અધિક્ષક સંજય ખરાતે નવપ્રવેશિત વિદ્યાર્થીઓને આવકારી જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી દેશનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે જીવનમાં શિક્ષણનું મહત્ત્વ સમજાવી શિક્ષણના બદલાતા પ્રવાહો સાથે કદમ મિલાવી આગળ વધવા વિદ્યાર્થીઓને હાકલ કરી હતી. પોલીસ અધિક્ષકએ શિક્ષકોની સાથે વાલીઓ અને સમાજને પણ શિક્ષણ પ્રત્યે જાગૃત બનવા તેમજ બાળકોના શિક્ષણ પ્રત્યે સજાગ રહેવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, બાળકના સર્વાંગી વિકાસ માટે શાળા, પરિવાર અને સમાજનો સંયુકત સહયોગ આવશ્યક છે. કાર્યક્રમ દરમિયાન દરેક શાળા ખાતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. ઉપરાંત, માર્ગ સલામતી અંતર્ગત વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ તથા ગ્રામજનોને માર્ગ સલામતીના નિયમોનું પાલન કરવા જાગૃત કરવામાં આવ્યા હતા અને સૌએ માર્ગ સલામતીનો સંકલ્પ લીધો હતો.

## રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં અધ્યક્ષસ્થાને શાળા પ્રવેશોત્સવની ઉજવણી

# કોલડા ખાતે રૂા.૧.૧૦ કરોડના ખર્ચે નિર્મિત્ત શાળા ભવનનું લોકાર્પણ

**સરકારી પ્રાથમિક શાળાનું શિક્ષણ મેળવેલ વિદ્યાર્થીઓએ તમામ ક્ષેત્રેમાં સફળતા પ્રાપ્ત કરી : રાજયમંત્રી**

**ઈશ્વરીયા ગામે આંગણવાડી, બાલવાટીકા અને ધો.૧ માં બાળકોને પ્રવેશ અપાયો**

**કેરિયાનાગસ ઈશ્વરીયા જેવી પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવવા માટે ઘસારો થાય છે**

**સમગ્ર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ દ્વારા માહોલ શિક્ષણમય બની ગયો છે**



અમરેલી, તા. ૨૫

રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને અમરેલીબહારપરા કન્યા પ્રાથમિક શાળા, કુંકાવાવ તાલુકાના કોલડા તથા અમરેલી તાલુકાના ઈશ્વરીયા ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ – ૨૦૨૬ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ઈશ્વરીયા મુકામે આંગણવાડીમાં ૨૭, બાલવાટીકામાં ૩૮, ધો. ૦૧ ૪૩માં, ધોરણ ૦૬માં ૬૪ અને ધો. ૯ માં ૪૮ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંત્રીએ સરકારી પ્રાથમિક શાળાઓ અને તેના શિક્ષણની ગુણવત્તા અંગે ભારપૂર્વક જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં ઈશ્વરીયા, કેરીયાનાગસ જેવી સરકારી પ્રાથમિક શાળામાં એડમિશન મેળવવા માટે ઘસારો થાય છે. શહેરના વિદ્યાર્થીઓ પણ આ ગામડાની શાળામાં ભણાવા માટે આવે છે. ઈશ્વરીયાના વતની અને રાજકોટના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાથી લઈ અને અનેક ક્ષેત્રના મહાનુભાવોએ સરકારી પ્રાથમિક શાળામાંથી શિક્ષણ મેળવી અને જીવના તમામ ક્ષેત્રોમાં સફળતા મેળવી છે. વાલીઓ સરકારી શાળાઓ પ્રત્યે અભિગમ બદલી રહ્યા છે.

રાજયમંત્રીએ કોલડા મુકામે નવનિર્મિત સરકારી પ્રાથમિક શાળાના અદ્યતન અને સુવિધાસભર ભવનનું લોકાર્પણ કર્યુ હતું. અંદાજિત રૂા.૧.૧૦ કરોડના ખર્ચે આકાર પામેલા આ ભવનમાં બાળકોને મજબૂત આંતર માળખાકીય સુવિધાઓ સાથે ગુણવત્તાસભર શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થશે. ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સ્માર્ટ બોર્ડ સહિતની આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ – ૨૦૨૬ અંતર્ગત કોલડા સરકારી પ્રાથમિક શાળા ખાતે બાલવાટિકામાં કુલ ૦૭ ભૂલકાઓને તેમજ આંગણવાડીમાં કુલ ૫ બાળકોને ઉમળકાભેર પ્રવેશ અપાવવામાં આવ્યો હતો. મહાનુભાવોના હસ્તે પ્રવેશપાત્ર બાળકોને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ પ્રસંગે કોલડા ગામના સરપંચ ભરતબાપુ, ગ્રામ પંચાયતના સભ્યઓ, શાળાના આચાર્ય હસમુખભાઈ ઝુલાસણા સહિત શિક્ષકગણ, વાલીઓ તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઈશ્વરીયા ખાતે જિલ્લા પંચાયતના સભ્ય ગાંગડીયા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, તાલુકા પંચાયતના સભ્ય આશિષભાઈ દેવમુરારી, ઈશ્વરીયા સહકારી મંડળીના પ્રમુખ ધીરૂભાઈ રૂપાલા, સરપંચ બાબુભાઈ વાજા ઉપસ્થિત રહ્યા હતા.

બહારપરા કન્યા પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ તુષારભાઈ જોશી, નગરપાલિકાના સભ્ય જેંતીભાઈ ઘાનાણી, સાશનાધિકારી આશિષ જોશી, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, આચાર્ય હિતેશભાઈ અને શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**નવપ્રવેશી ૨૫ બાળકોનું કંકુ–ચાંદલા, ફૂલહાર અને મીઠાઈથી સ્વાગત**

## બાબરા : ઈસાપર અને મિયા ખીજડીયા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી

**શિક્ષણના મહત્ત્વ અંગે વાલીઓને માર્ગદર્શન અપાયુ**





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૫

બાબરા તાલુકામાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત શાળા પ્રવેશોત્સવ–૨૦૨૬ અંતર્ગત તા. ૨૫ જૂન, ૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત મોટા દેવળીયા સદસ્યના પ્રતિનિધિ પ્રભાતભાઈ ડી. કોઠીવાળની વિશેષ ઉપસ્થિતિમાં ઈસાપર પ્રાથમિક શાળા તથા મિયા ખીજડીયા પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન ઈસાપર પ્રાથમિક શાળાની બાલવાટિકામાં ૧૦ બાળકોને તેમજ મિયા ખીજડીયા પ્રાથમિક શાળાની બાલવાટિકામાં ૧૫ બાળકોને નવા પ્રવેશ આપવામાં આવ્યા હતા. નવપ્રવેશી બાળકોનું કંકુ–ચાંદલો, ફૂલહાર અને મીઠાઈ દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. નવા શૈક્ષણિક જીવનની શરૂઆત કરનારા બાળકો અને તેમના વાલીઓમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે પ્રભાતભાઈ ડી. કોઠીવાળે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ''શિક્ષણ એ બાળકના ઉજ્જવળ ભવિષ્યનો મજબૂત પાયો છે. દરેક બાળક ગુણવત્તાસભર શિક્ષણ પ્રાપ્ત કરે અને જીવનમાં સફળતા હાંસલ કરે તે માટે સરકાર તથા સમાજ બંને સમાન રીતે પ્રતિબદ્ધ છે.'' તેમણે વાલીઓને બાળકોને નિયમિત શાળાએ મોકલવા તેમજ તેમના સર્વાંગી વિકાસ માટે શિક્ષણમાં સક્રિય સહભાગી બનવા અપીલ કરી હતી.

ઈસાપર પ્રાથમિક શાળા ખાતે તખુજી સોલંકી (માજી સરપંચ), દીપેશભાઈ વાઘેલા (ઉપસરપંચ) સહિત ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

જયારે મિયા ખીજડીયા પ્રાથમિક શાળા ખાતે કરસનભાઈ કનાળા (સરપંચ), ભરતભાઈ ચાવડા, રામજીભાઈ પીલુકીયા, હિતેષભાઈ પીલુકિયા, અનસુયાબેન ડાભી તથા ગુણેશભાઈ ગળથીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં નીતિનભાઈ ચાવડા (બીઆરસી કો–ઓર્ડિનેટર, બાબરા) તથા વિજયભાઈ સેંજલીયા (સીઆરસી કો–ઓર્ડિનેટર, ચરખા અને લાયઝન અધિકારી) વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કાર્યક્રમના સફળ આયોજનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું તેમજ વાલીઓ અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી શિક્ષણના મહત્ત્વ અંગે માર્ગદર્શન પૂરૂ પાડયું હતું.

કાર્યક્રમમાં બંને શાળાના આચાર્યઓ, શિક્ષકગણ, એસ.એમ.સી.ના સભ્યો, વાલીઓ, ગ્રામજનો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહ, આનંદ અને શિક્ષણ પ્રત્યેની જાગૃતિના માહોલ વચ્ચે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

ગુજરાત સરકારના આ મહત્ત્વાકાંક્ષી અભિયાનના સંકલ્પને સાકાર કરવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં યોજાયેલા પ્રવેશોત્સવ કાર્યક્રમોએ શિક્ષણ પ્રત્યેની જનજાગૃતિને વધુ મજબૂત બનાવી હતી અને દરેક બાળકને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો સંદેશ આપ્યો હતો.

**૧૭૦૦ કિમી દૂર બ્રાઝિલ સુધી ધરા ધ્રુજી**

## વેનેઝુએલામાં ભયાનક ભૂકંપથી હજારોના મોતની થયાની આશંકા

**આંખના પલકારામાં બહુમાળી ઇમારતોની દીવાલો ધરાશાયી થઈ ગઈ હતી, જેના કારણે ઘરો અને દુકાનોમાં રાખેલો સામાન રસ્તાઓ પર વિખરાઈ ગયો હતો**

વેનેઝુએલા, તા. ૨૫

દક્ષિણ અમેરિકાના દેશ વેનેઝુએલામાં બુધવારે આવેલો વિનાશક ભૂકંપ અત્યાર સુધીની સૌથી મોટી માનવ સર્જિત અને કુદરતી આફતોમાં ફેરવાઈ રહ્યો હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. અગાઉના અહેવાલો બાદ હવે યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે દ્વારા એક અત્યંત ચોંકાવનારી અને ડરામણી ચેતવણી જારી કરવામાં આવી છે, જે મુજબ આ ભયાનક આપત્તિમાં મરણ જનારાઓનો આંકડો ૧૦,૦૦૦ (દસ હજાર) ને પાર થઈ શકે છે. રાજધાની કરાકસ સહિત દેશના અનેક ભાગોમાં ઈમારતો ધ્વસ્ત થઈ ચૂકી છે અને હજારો લોકો પોતાના આવાસ તેમજ દફતરો છોડીને જીવ બચાવવા રસ્તા પર ઉતરી આવ્યા છે.અમેરિકન ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ ના જણાવ્યા અનુસાર, વેનેઝુએલાના ઉત્તરી દરિયાકાંઠાના વિસ્તારમાં માત્ર ૪૦ સેકન્ડના અંતરાલમાં બે પ્રચંડ આંચકા અનુભવાયા હતા. પ્રથમ ૭.૧ ની તીવ્રતાનો આંચકો એક 'ફોરશૉક' (મુખ્ય ભૂકંપ પહેલાનો ઝટકો) હતો, જેના બરાબર ૪૦ સેકન્ડ બાદ ૭.૫ ની તીવ્રતાનો મુખ્ય પ્રચંડ ભૂકંપ ત્રાટક્યો હતો. આ ધરતીકંપનું કેન્દ્રબિંદુ મૌન્ટાલ્બાનથી ઉત્તર-પશ્ચિમમાં ૨૮ કિલોમીટર દૂર નોંધાયું છે, જે વિસ્તાર દેશની સૌથી મોટી ઓઈલ રિફાઈનરીઓ માટે જાણીતો છે. આ ધરતીકંપ એટલો શક્તિશાળી હતો કે તેના આંચકા ઘટનાસ્થળથી આશરે ૧,૭૦૦ કિલોમીટર દૂર આવેલા બ્રાઝિલના એમેઝોન સુધી અનુભવાયા હતા, જ્યાં પણ સુરક્ષાના ભાગરૂપે અનેક ઈમારતો ખાલી કરાવવી પડી હતી.ભૂકંપ બાદના દ્રશ્યો હૃદયકંપાવી દે તેવા છે. ચશ્મદીદોના જણાવ્યા અનુસાર, આંખના પલકારામાં બહુમાળી ઈમારતોની દીવાલો ધરાશાયી થઈ ગઈ હતી, જેના કારણે ઘરો અને દુકાનોમાં રાખેલો સામાન રસ્તાઓ પર વિખરાઈ ગયો હતો. ક્ષતિગ્રસ્ત વિસ્તારોમાં ધૂળના કાળાડિબાંગ ગુબાર હવામાં ઉડતા જોવા મળ્યા હતા. આ આપત્તિ વચ્ચે વેનેઝુએલાના કેટલાક ભાગોમાં સેલફોન નેટવર્ક અને સિગ્નલ સંપૂર્ણપણે ગાયબ થઈ જતાં પરિસ્થિતિ વધુ વણસી છે, જેના કારણે લોકો પોતાના પરિવારજનોનો સંપર્ક કરી શકતા નથી. વિદેશમાં રહેતા વિરોધ પક્ષના નેતા મારિયા કોરિના મચાદોએ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર આ કપરા સમયમાં દેશવાસીઓને હિંમત, શાંતિ અને એકતા જાળવી રાખવા માટે અપીલ કરી છે.આ દરમિયાન, અમેરિકાના પેસિફિક સુનામી વોર્નિંગ સેન્ટર દ્વારા શરૂઆતમાં પ્યુર્તો રિકો અને વર્જિન આઈલેન્ડ્સ માટે જારી કરવામાં આવેલું સુનામીનું એલર્ટ બાદમાં વૈજ્ઞાનિક વિશ્લેષણ પછી સત્તાવાર રીતે પાછું ખેંચી લેવામાં આવ્યું છે અને હાલમાં સુનામીનો કોઈ ખતરો નથી તેમ જણાવાયું છે. બીજી તરફ, વેનેઝુએલાના પાડોશી દેશ મેક્સિકોના વિદેશ મંત્રાલયે આ મુશ્કેલ સમયમાં વેનેઝુએલાના લોકો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરીને એકજૂથતા દર્શાવી છે. જોકે, આપત્તિના કલાકો વીતી ગયા હોવા છતાં ઘાયલો કે મૃતકોના ચોક્કસ આંકડા જાહેર ન કરવા બદલ અને દેશને તાત્કાલિક સંબોધન ન કરવા બદલ ત્યાંના સ્થાનિક રાજકારણીઓ અને જનતા દ્વારા કાર્યવાહક રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝની આકરી ટીકા પણ કરવામાં આવી રહી છે.

**તાલુકાનાં આગેવાનોની ઉપસ્થિતિમાં**

## સાવરકુંડલા : થોરડી ગામે ઉત્સાહભેર કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી

**વૃક્ષારોપણ સહિતનાં કાર્યક્રમો પણ યોજાયા**



તસ્વીર : રસુલભાઈ પરમાર–થોરડી

થોરડી, તા. ૨૫

સાવરકુંડલાનાં થોરડી ગામે આજે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક સ્કુલ બેગ વિતરણ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ તકે તાલુકા પંચાયતનાં પ્રમુખનાં પ્રતિનિધિ મુકેશભાઈ મહીડા, ઉપપ્રમુખ બાવચંદભાઈ મોડવડીયા, શૈલેષભાઈ બારૈયા, શૈલેષભાઈ બરવાળીયા, સંજયભાઈ બરવાળીયા, લાયઝન અધિકારી આરતીબેન ડેરૈયા, સરપંચ વિપુલભાઈ બરવાળીયા, સુપરવાઈઝર સૃષ્ટિબેન બોરીસાગર ઉપસ્થિત રહ્યા. આ તકે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું.

**જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજાના અધ્યક્ષસ્થાને**

## અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક યોજાઇ

**રસીકરણમાં બાકી રહી ગયેલા બાળકોનું રસીકરણ ઝડપથી પૂર્ણ કરવા સૂચના**

અમરેલી, તા. ૨૫

જિલ્લા સેવા સદન અમરેલી ખાતે જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજાના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક યોજાઇ હતી. જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિ, જિલ્લા ટાસ્ક ફોર્સ ઈમ્યુનાઇઝેશન (રસીકરણ), નેશનલ વેકટર બોર્નડીસીઝ કંટ્રોલ પ્રોગ્રામ અન્વયે વિવિધ કામગીરી વિષયક વિસ્તૃત સમીક્ષા હાથ ધરી હતી.જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા વર્ષ–૨૦૨૫ના એપ્રિલ થી શરૂ કરી અને એપ્રિલ–૨૦૨૬ અને અંતિમ તા. ૨૨/૬/૨૦૨૬ સુધીમાં કરવામાં આવેલા રસીકરણની કામગીરીની વિગતો રજૂ કરવામાં આવી હતી. આ અંતર્ગત બાકી રહી ગયેલ બાળકોનું વેકિસનેશન ઝડપથી પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવી હતી.

ઉપરાંત ફિલ્ડ પર સર્વે વધારવા, રસીકરણને લગતી કામગીરી ઘનિષ્ઠ રીતે કરવા બાબતે હાથ ધરવાની કાર્યવાહી વિષયક ચર્ચા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, તા. ૨૮ જુન, ૨૦૨૬થી જિલ્લામાં સઘન પલ્સ પોલિયો રસીકરણ હાથ ધરવામાં આવશે. જેમાં ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને બાળ લકવા વિરોધી રસીના ડોઝ આપવામાં આવશે. જિલ્લામાં આ બાળકોની સંખ્યા અંદાજે ૧,૨૮,૭૮૨ છે. કુલ ૮૦૧ બુથ ઉપર રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરી માટે ૧૫૬ સુપરવાઈઝરોની નિમણૂક કરવામાં આવી છે.

જિલ્લામાં હાલ સંચારી રોગને લઈને કોઈ રોગચાળો ફેલાયેલ નથી. આ ઉપરાંત આ વર્ષે ચોમાસાની સીઝનમાં સીઝનલ ફલુ જેવી સ્થિતિ સર્જાય તો આરોગ્ય શાખા પાસે તે માટે જરૂરી દવાઓ, માસ્ક સહિતનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાનું આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું. જિલ્લામાં હાલ ટ્રીપલ લેયર માસ્ક, ટેસ્ટિંગ કીટ, જરૂરી દવાઓનો જથ્થો ઉપલબ્ધ છે.

ચોમાસાની ૠતુની શરૂઆત હોય મચ્છરજન્ય રોગચાળો ન ફેલાઈ તે બાબતે વિશેષ સાવધાની રાખવાના પગલાઓ ધ્યાને લેવા સૂચના આપવામાં આવી હતી. પીવાના પાણીના કલોરિનેશન સહિતની બાબતે કામગીરી માટે જિલ્લા વિકાસ અધિકારીએ સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. મચ્છર ઉપદ્રવ નિયંત્રણ માટે ફોગીંગ કામગીરી અને અન્ય પગલાઓ લેવા માટે પણ ચર્ચા કરવામાં આવી હતી.

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાકક્ષાની રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ સમિતિની બેઠક યોજાઈ હતી. રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ–તમાકુ મુકત શૈક્ષણિક સંસ્થા શાળા કાર્યક્રમ માર્ગદર્શિકા મુજબ શાળા વિસ્તારથી નજીક હોય તેવા વિસ્તારમાં તમાકુ યુકત પદાર્થોનું વેચાણ થઈ શકે નહિ તે બાબતે કાયદાનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે તે સહિતની વિશેષ સૂચનાઓ આપવામાં આવી હતી.

જિલ્લા સ્કવોડ, આરોગ્ય, પોલીસ, શિક્ષણ, વાહનવ્યવહાર, ખોરાક અને ઔષધ નિયમન, નગરપાલિકાઓ દ્વારા તમાકુ નિયંત્રણ ધારાના ભંગ બદલ એપ્રિલ–૨૦૨૬ થી મે–૨૦૨૬ દરમિયાન કુલ ૪૬૭ કેસ નોંધાયા હતા અને રૂ. ૩૬ હજારથી વધુની રકમના દંડની વસૂલાત કરવામાં આવી હતી.બેઠકનું સંચાલન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ કર્યુ હતું. આ બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા–તાલુકા આરોગ્ય અધિકારીઓ, નગરપાલિકા ચીફ ઓફિસરઓ, વિવિધ કચેરીના અધિકારીઓ કર્મયોગીઓ અને સમિતિના સભ્યો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.





## અગાઉ ઘંટિયાણ, જુના સાવર, કોવાયા બાદ ખાંભાના ચતુરી ગામે બનાવ બન્યો

# અમરેલી જિલ્લામાં એક મહિનામાં સિંહનાં હુમલાનાં બનાવમાં મોતનો ૪થો બનાવ

**આમ તો સિંહ દ્વારા માનવ ઉપર હુમલાનો બનાવ કયારેક જ બને પણ એક મહિનામાં ૪થો બનાવ બન્યો**

**ચતુરી ગામે ૫ વર્ષનો બાળક દાદા સાથે ડેરી ઉપર દૂધ આપવા જતો હતો**

**અચાનક આવી ચડેલ સિંહણે બાળકને હાથની આંગળીએથી ખેંચી સીમ તરફ નાસી**

**નિર્દોષ બાળકનું મોત થતાં સમગ્ર પંથકમાં અરેરાટી અને રોષનો માહોલ ઉભો થયો**



અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં ચાર પગવાળા હિંસક વન્યજીવોનો આતંક યથાવત છે. ત્યારે છેલ્લા ૨૦ દિવસમાં અમરેલી જિલ્લામાં સિંહ હુમલાની આ ચોથી ઘટના ઘટી હતી. જેમાં ખાંભાના ચતુરી ગામે કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે, જયાં વન વિભાગની ઘોર નિષ્ક્રિયતા વચ્ચે વધુ એક માસૂમ બાળક કાળનો કોળિયો બની ગયો હતો. ગઈકાલે રાત્રિના સમયે દૂધની ડેરીએ દાદાની આંગળી પકડીને જઈ રહેલા એક વર્ષના માસૂમ જીયાનને સિંહણ દાદાની નજર સામે હાથની આંગળીએથી ઝૂંટવી અને લઈ ગઈ હતી અને બાળકનું મોત થતાં જેને પગલે સમગ્ર ગીર નજીકના ગામડાઓમાં ભારે રોષ વ્યાપ્યો છે.

વિગત એવી છે કે ખાંભા તાલુકાના ચતુરી ગામનો ૫ વર્ષનો એક માસૂમ જીયાન દેવકુભાઈ સીઢા જયારે ગઈકાલે રાત્રિના સમયે પોતાના દાદા સાથે ઘરની નજીક આવેલી ડેરી પર

અનુસંધાન પાના ૬ ઉપર

## ગોપાલનગર સહિતનાં વિસ્તારનાં રહેવાસીઓમાં નારાજગી

# અમરેલીમાં ''દીકરાનાં ઘર'' નજીકનો માર્ગ બંધ કરવાનાં નિર્ણયનાં વિરોધમાં મહિલાઓએ હલ્લાબોલ કર્યો

**મહિલાઓએ થાળી–વેલણ વગાડીને વિરોધ શરૂ કર્યો**



અમરેલી, તા. ૨૫

અમરેલીમાં આવેલ ''દીકરાનાઘર'' નજીકથી ગોપાલનગર સહિતનાં રહેણાંક વિસ્તાર તરફ જતાં માર્ગને બંધ કરવાનાં નિર્ણય થયો હોય સ્થાનિક વિસ્તારની મહિલાઓએ થાળી–વેલણ વગાડીને માર્ગ બંધ ન કરવાની માંગ કરીહતી.

ડો. જીવરાજ મહેતા પોલિટેકનીકથી લઈને ''દીકરાનાં ઘર'' તરફ જતો માર્ગ દીકરાનાં ઘર નજીક બંધ કરવાનાં નિર્ણયાનાં વિરોધમાં મહિલાઓ રોષે ભરાઈ હતી અને માર્ગ બંધ ન કરવાની માંગ કરી હતી.

## ભીમ અગીયારસ તહેવાની પૂર્વ સંધ્યાએ

# અમરેલી જિલ્લામાંથી જુદા–જુદા ૪ સ્થળેથી ૨૩ પત્તાપ્રેમીઓની અટકાયત

**પોલીસે રૂપિયા ૩૨ હજાર કબ્જે કર્યા**

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લમાં ભીમ અગિયારસના તહેવારની પૂર્વ સંધ્યાએ પોલીસે ચાર જેટલી અલગ અલગ જગ્યાએ દરોડા કરી જાહેરમાં જુગટુ ખેલતા ૨૩ જેટલા પતાપ્રેમીઓને રોકડ રકમ રૂપિયા ૩૨ હાજરના મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રથમ બનાવમાં ધારીના વેકરીયા પરા વિસ્તારમાં રહેતા કમલેશભાઈ નારણભાઈ બારૈયા સહીત ૧૦ જેટલા ઈસમો ધારી તાલુકના ખીસરી ગામે મેઈન બજારમાં

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)